ભલો હોય્યે ભોળો, નવ કપટ જુદ્ધી કદિ કરે,
નઠારા તર્કોમાં, જરૂર મન એનું નવ ફરે;
ભલે સૌ બીજાઓ, કપટ કરિ એનું સહુ હરે,
તથાપી તેથી એ દિલ નવ કદીએ દુઃખ ધરે. ॥ ૨૨ ॥

અવિદ્યાના યોગે, મલિન મન ભાસે મનુષ્યનાં,
દુરો સંગી તેને, મળત ફળ આવાં સ્પર્શનાં;
પછી ધીમે ધીમે, મલિન મન તેનાં પણ દિસે,
પડે અંતે એ સર્વ, નરક તણા ભૂવન વિશે. ॥ ૨૩ ॥

કરેર ધંધો તેમાં, નિયમસર કામો નવ બને,
ચડે છે તેથી ધાક અશુભમતાનો બહુ મને;
પછી કંટાળથી, બનત નવ ઉકેલજ કશો:
કદી ભૂલેચૂકે, નિયમ તજિ ના નિખળ થશો. ॥ ૨૪ ॥

વદી વાતો દીધે અવશ્ય સરવાનો કદિ નથી,
કદી લેખાથી તે, સકળ ફળ આપે શુભથી;
અપારા વીતિના, ગગન સરજી યોગમ ધવા,
જુઓ વૃથી વીતા, અપૂર્ણ સરવે એ સમજવા. ॥ ૨૫ ॥

દિઠેલા દેખાવો, નજર ચુક જેવા નિવડતા,
ખરા માનેલા તે, જરૂર થઇ મિથ્યાં રખડતા;
ખરી રીતે ખોજી, અનુભવ કરીને
દિસે છે સત્યાસત્ય પુરણ ગ્નિતિથી પરખતા.

બધે ભાળે તુસી,-થઈ નવ શકી જો કદિ તને,
પછી કેવી રીતે, અજિત જઇ ચાટયા થકિ બને,
સદા એવી રીતી, અધમ લઘુતાની તજિ દઇ,
રહો સંતોષેથી, પરમ નિજ પત્ની વ્રત ગ્રહી. ॥ ૨૭

કર્યું ભેગું હોએ, અધિક ધન મોટી સુશિયતે,
તથાપી તેનો જો, પુરણ રિત ના વૈભવ થતે;
ગણો મિથ્યા એને, જરૂર વિધવા જોબન સમું,
નકામી દુઃખાએ મનુષ્ય સુરખાઇ થકિ ખમું. ॥ ૨૮ ॥

ચઢીને હિંડોળે, અમિત થઇ ભૂલા કયમ ભમો,
વિલાસોમાં ઝાઝા, રમણ થઈ રંગે કયમ રમો:
જશે એ સૌ ઉડી, વખત વિતતાં તો ક્રમણથી,
પછી અંતે એથી, જરૂર ભટકાશો ભ્રમણથી. ॥ ૨૯ ॥

દુખી સર્વે દીનો અધિક દુખ પામી દુખિ થતા;
તથાપી તેમાથી અનુભવ અતી એ નિરખતા;
ભલા ભુંડાઓને અજબ રિતથી એ પરખતા,
પ્રભુ સાથે પ્રોડી, પ્રબળ પ્રિત રાખી હરખતા. ॥ ૩૦ ॥

બુરા બીજાઓના, દુખદ બહુ દિનો નિરખિને
રહે જેઓ રાજી, હરદમ હૃદે જે હરખિને
પ્રભૂના પુરા એ, અધમ રિતના દોષિત દિસે,
દયા રાખ્યા વિના, પતિત પડશે દોજખ વિશે. ॥ ૩૧ ॥

પગણે પ્રીતી જે, અવર જનની ઇચ્છત ઉરે,
નિરાશા અંતે એ અધિક સહુ પામી ઉર ઝરે
મળેલા જો હોયે, પરસપર પ્રીને મન ઘણાં
ટકે છે પ્રીતી ત્યાં, રસિક થઇ પાત્રો દિલ તણાં. ॥૩૨॥

સુનીતીના રસ્તો, સકળજનને સૂધક કરે,
દુર્ગીને સૌ દાવો, મલિન મન ટાળી ઉર હરે;
સદા શાંતી આપી, સુખદફળ દે છે સકળને,
નિતી ધર્મે દોરી, અધિક બળ આપે અબળને. ॥ ૩૩ ॥

સુવિદ્યાના યોગે, સત્ધર્મ સૌ સ્થાપિત થઇ;
રૂડી રીતે ચાલે, સકળજનને એ શિખ દઇ;
અવિદ્યાના યોગે, જરૂર વળતી પંથજ સહે;
ગુરૂ શિષ્યો તેથી, સહુ ઠર કપાળે દઇ રડે. ॥ ૩૪ ॥

થવા મુકીો સારા, અધિક ચિતથી જો કદિ તમો,
થજો પોતે મોટા, અવરપર આશા નવ ખમો;
નહીં આશા પૂરે, અવરજન આશા નિજ હરી,
ઠગશો એ આશે, જરૂર કહું હું હિંમત ધરી. ॥ ૩૫ ॥

તમે જૂના વાંચો, જરૂર ઇતિહાસો કર ધરી,
કર્યાં કેવાં કાર્યો, પુરવજને હિંમત કરી;
નિહાળી તે સર્વે, મનન કરશો જો મન વિષે,
જણાતાં સૌ ખુબી, ઉલટ ઉર એવી ઉપજશે. ॥ ૩૬ ॥

સદા સૌની સાથે, સહુકપણાથી જે રહિ શકે,
રૂડી રીતે તેવો, વિકટ વ્યવહારે પણ ટકે;
નહીં શત્રુ કોઇ, મનુષ્ય સઘળાં મીત્રજ દિસે,
ઉપાધી સૌ ત્યાગી, અધિક સુખ પામે જગ વિષે. ॥૩૭॥

ભણીને શું કીધું ! અવર જનના નોકર થયા,
નહીં બીજું સુઝયું ? સકળ શુભ ધંધા તજિ ગયા;
કદી એથી તારી, અધિક ઉનતી તો નવ થશે,
ખરી રીતે અંતે, અધમગતિ માંહે ભટકશે ॥ ૩૮ ॥

હુશે સપાત્રો તે, અધિક ધન વિદ્યા યદિ કદી,
ચડી ગર્વે ચાકે, નક્ર થઇ જાએ નવ મદી;
પરંતુ તે પૂરા, સરળ થઇ ચાલે નમિ નમી,
ન લેતા એ શાપો, અધમ થઇ કોનું મન દમી. ॥૩૯॥

હશે મતોષી તે, સકળ શુખવંતા સમજવા;
નહીં અ શા મોટી, કરત કદિ લક્ષ્મી પનિ થવા;
મળે જે પોતાને, પરમ પ્રભુ કેરી નજરથી;
હશે થોડું તોએ, અધિક ગણિ લેના અવરથી ॥ ૪૦ ॥

રૂડું ઇચ્છે એનું, જગત પણ ઇચ્છે બહુ રૂડું;
કુડું ઇચ્છે એનું, જગત પણ ઇચ્છે બહુ કુડું;
જુએ બેઠા બેઠા, સકળજનની સૌ વૃતિ હરી.
પછી આપે જેશાગ ઘટિત ફળ સ્નેહજ કરી. ॥ ૪૧ ॥

દિસે ભુંડુ ભારે, જનમ ધઇ આંહીં જનમવું,
વળી એથી ભુંડું, દળદરપણાને વશ થવું;
ગણો એથી ભુંડું, અવર જનના સેવક થવું;
સદા એવી રીતે, દુખકર હરીનું સરજવું. ॥ ૪૨ ॥

ભરોસા ધારીને, શરણ થઇ આવે તુજ કને,
દગો તેને દેઇ, થઇશ નહ ઘાતીક તું મને;
પૂરો પાપી એથી, જરૂર જગમાં તું સમજજે,
કહું મારે કોડે, અધમ રિત એ તું વરજજે ॥ ૪૩ ॥

અભાગીને યોગે, સકળ સુખ એને દુખ થતાં,
વહે વાંકી ગતા નરિાગ નમળા તે નિરખતાં;
કરે ધંધા જેજે અફળ થઇ એને બહુ જતા,
વિધી વાંકો જ્યા છે, સઘળ પણ ત્યાં નિષ્ફળ થતા. ॥૪૪॥

સુભાગીને સેવે, સરસ મનમાને દિઠવતા,
અભાગીને એવી, ઉવટ અપમાને દુખવતા;
હશે વિધી સિદ્ધો, જગત પણ સિધું સમજવું,
હશે વિધી વાંકો, જગત પણ વાંકુ નિરખવું. ॥ ૪૫ ॥

સુવિધાનો હેતુ, જરૂર ધન પ્રાપ્તી નવ ગણ્યો
પરંતુ બુદ્ધીને, પ્રગટ કરવા કારણ ભણ્યો;
પછી બુદ્ધી યોગે, જગત ધન પદ પામવા
વળી રૂડી નીતી, મહદ કારણ તે સમજતા. ॥ ૪૬ ॥

સુવિદ્યાના યોગે, સકળ સુખને સાંપતિ મળે,
કુવિદ્યાના યોગે, સકળ સુખની સંપતિ ટળે;
સુવિદ્યાના યોગે, પરમ નિતિ માંહે મન વળે;
કુવિદ્યાના યોગે, અધિક અઘનાં તો ફળ ફળે. ॥ ૪૭ ॥

કરી નારી દેખો, કરમ કઠિની તું નિરખિને,
બને છે આનંદી, અધિક ઉરમાંહે હરખિને;
નઠારી એ નારી, રહત નવ આનંદ અતિશે,
ભણેલી દેખાશે, પણ ચિતનાં તો ખરિ જશે. ॥૪૮॥

અમી ઠરી જ્યારે, પરમ પ્રભુની ઉપર મતે;
બધાં કરશે નાશ, કઠણ પણ ત્યારે ટળિ જશે;
પછી સ્થિતી સારી, વગર ભયવાળી સુખ ભરી;
હમેશાં સુખોથી, જિવન ગુજરે છે મન ઠરી. ॥ ૪૯ ॥

ભણ્યાં કરશે વેઠી, અનુભવ થકી લાયક થશે,
સદા એનાં કહેવાં, જરૂર જન એવા સમજશે;
રૂડા જ્ઞાની લોકો, સરસ રસ એમાં સમજતા;
પ્રિયે પ્રીતે પોતે, રસિક રસને ઊર રિઝતા. ॥ ૫૦ ॥

ઘણા અતિ થયે, અધિક જશ પામે નિજ બળે,
અભીમાની આપે, અધિક અભિમાને પરજળે;
ગમારો પોતાની અતિ, ગફલતીથી દુઃખ ખમે,
અને જ્ઞાની લોકો રસિક રહીને રસ જમે. ॥ ૫૧ ॥

જણે મિથ્યા દેખે સમય સમજે આળસ થકી,
નહીં નાખું ખર્ચે, સમય મળશે એ કરિ નકી;
સદા સોના જેવો, સમય સઘળો તું સમજજે,
કદી મિથ્યા જશે, સમય ગણિને ના વરજજે. ॥ પર ॥

સદા શાણી સ્વામી, સહુન શિખવતી સમજથી;
ગણી પ્રેમી નારી, પુરણ પ્રિતથી એ પરણવી;
મળી બાંધાં સ્નેહ જીવન સઘળામાં રસ ભર્યાં;
પછી આ સંસારે, સકળ સુખિયાં દંપતિ ઠર્યાં. ॥૫૩॥

હશે જેની વાણી, મધુર મન હર્ણી
કરે સર્વેને એ, જરૂર નિજ તાબે વશ કરી;
ગમે તેવા શત્રુ, સબળ પણ તેને વશ થતા,
સદા આનંદે એ, અધિક સુખ આપે

કરો ધંધા જે જે, સકળ રિતથી તે મુધરવા,
કરો યત્નો ઝાઝા, અનુભવ થકી સ્વાર્થ સરવા;
છતાં બ્હાણીજોઈ, અધિક રિતથી આળસ કરો,
જશે વૃથા લાખો, અધિક ઉંધમી મૂરખ ઠરો. ॥ ૫૫

વડી વાતો કીધે, વડપણ કદી ના સમજવું,
વડાં કામો કીધે, વડપણ અતીશે સમજવું;
વડી રિદ્ધ સિદ્ધી, અધીક ધનથી ના સમજવી,
વડી રિદ્ધી સિદ્ધી, અધિક સુખ સંપે સમજવી. ॥૫૬

સદા સારી શિક્ષા, ગ્રહણ કરવાની ગતિ હશે,
બહૂ બુદ્ધીશાળી, સકળ સદગુણી જન થશે;
પડે એવી હેવા, નશિબ બહુ સારૂં નિરખશે,
પછી અંતે જાતાં, હૃદય અતિશે એ હરખશે. ॥ ૫૭ ॥

સુવિદ્વાનોથી તો, અધિક સદ્ગુણી વધિ જતા,
શરાણે નીતીની, જરૂર ચડિને નિર્મળ થતા;
સદા એવું ઊંચું, અતિ સરસ જો શિક્ષણ મળે,
નહીં કોઇ કાળે, મનુષ્ય પંક્તિથી એ ચિત ચળે. ॥ ૫૮ ॥

હમેશાં માબાપે, જરૂર નિજનાં બાળક થકી,
દયા રાખી દેવું, ધરમ નિતિનું શિક્ષણ નકી;
ગણી પોતાની એ, સુભ ફરજ સંતાનજ પ્રતી,
બનાવો સંતાનો, સદ્વર્તનવાળાં કરિ કૃતી ॥ ૫૯ ॥

કરી કંટાળીને, જગત વ્યવહારે નવ રહો,
રહો રૂડી રીતે, ધિરજ ધરિને સૌ દુ:ખ સહો;
સહો શાંતી સાધે, કરમ રતિની એ કૃતિ ગણી,
ગણીને આનંદે, પરમ દુ:ખ છાયા સુખ તણી. ॥ ૬૦ ॥

અહા મોંઘાં મળે, સરસ દંત સુખ્યા થકિ મળે,
મળે ના નાણાંથી, હુકમ અધિકારે જતુ બળે;
બધેલાં મિસ્તાને, સકળ રિતથી શાંતિજ કરે;
કરે છે એ સુખી, સકળ સદ્ગુણો ઉર કરે. ॥ ૬૧ ॥

અહા મોટો શાઠી, વ્યસન વશ જેઓ થઈ કરે,
ઘણાં કજ્યા વેરી, સમર વિતતાં સૌ સુખ હરે:
પછી કોઈ કાળે, ન સુધરત બાજી જિવનની,
ગણ વણી રહેશે, જરૂર થઇ દુઃખી ભુવનની. ॥ ૬૨ ॥

કરો સંસારી સર્વે પરમ સુધારા પ્રથમથી,
પછી રાજ્યદ્વારી, બનત સહુજે સૌ નિયમથી;
પરંતુ એ વીના, અવર રિતથી ના કદિ થશે,
સુધારાનો પાયો. પ્રથમ ગણ સંસારજ વિશે. ॥ ૬૩ ॥

ભલી ભુંડી કીર્તિ, અમર રહિ અંતે મનુષ્યને,
વખાણે નીંદવે. સમય સમ સૌના કૃતવ્યને:
પ્રજા પુંઠે એના, કથિત ગુણ સર્વે મન ધરી,
કરે એની એવી, જરૂર તુલના ન્યાયજ ભરી. ॥ ૬૪ ॥

હશે જ્યાં જ્યાં નારી, હૃદય બળતી જો કુળ મહીં,
પ્રજા વૃદ્ધી કેરી, નવ સમજશો વાતજ તહીં;
નિશાસા નારીના, કુળ ક્ષય કરી સર્વસ હરે,
વળી નર્કે નાંખી, કુળ અવગતીયું સહુ કરે. ॥ ૬૫ ॥

દિસે ઝાઝા દુઃખી. અધમ જીવ જોતાં જગતમાં,
નહીં કોઈ માને. જિવન સુખ એની સુરતમાં:
ઉપાધીનાં અંગો, અધિક ગઢિ આવી શિર ઠરે,
પછી ઠરે દુઃખી, અધમ જિવ એથી ચરથરે. ॥ ૬૬ ॥

રહો સૌની સાથે, વિપત ભય જે જે શિર પડે,
નકામો પસ્તાવો, મુરખ જન મિથ્યા કરિ રડે:
ગણો સૌની સાથે, સુખ દુઃખ બધાં તે સુખ સમાં,
પછી શાને માટે, થકિત થઇ હારો હિંમતમાં. ॥ ૬૭ ॥

હતા વેરશે ફેલાવા, પરધન નહીં ચિતજે,
દગાવાળા ધંધા, અધમ ગણિને એ પરહરે;
નથી આજે એવા, સમય કળિનો એ
અવિશ્વાસી એવા નજરચુક ધંધો નિરખને

મદદ જે પોતાની, ઉપર ધરીને અર્પણ કરે,
નહીં તેને જોઓ કબુલ કરિને કરમાં ધરે;
પછી અંતે જ્યારે, કૃપણ જન પાસે કર ધરે,
ઘટે કીર્તી ત્યારે, જરૂર ક્ષિણ થૈ આનંદ હરે. ॥

સતીઓની ખ્યાતી, વગર ભયની રૈયત ગણે,
છતા આજે એવા નિતિ તજિ પ્રમાણ બહુ હણે,
જનાનાના મોજ, વિષય વશથી અધિક થઈ,
રહ્યા ગોઝે ઝરે, અનર વશ સત્તા સહુ ગઇ ॥

હંસની માળામાં નિજ એગિત પંખી સહુ મળે,
રકૂ રૂડી રીતે, પરસપર સૌ પ્રેમજ બળે
છતા એકે એકે સમર ક્રમથી સૌ ઉડિ જતા,
રહ્યા બાકી પુંઠે, અધિક દુખિત સૌ દુખિ થતાં.

વખાણેલા નાનો, નિયમ ગુજરાતી થઇ પડે,
નહોતા બના જરૂર ઉન્ટી એ થ નડે
ઠગારો ના ગેન, પ્રથમરૂપ રૂડું નિરખિને,
બહુ રૂડા ગુણ, અતુલ કરજો તો હુનખન. ॥ ૯૨

કર ભાગ ધંધો, કપટ છતા કેરો મતામથા,
પછી ભાવ તો તે, ચપટ થ, અતે અધમવી
નહોતા ના રેખાતા નિષ્ઠ નિરખ્યો ઉડિ જતા
અરમર્દ કૃપોથી મમત સહુ થવી ક્ષિણ થતા. ॥૯૩॥

મહાગીની પેઠે મુરખ જનન જ નવરાત,
નચવ્યા નાચીઓ વધારે સનજ સા ખુશ થતા,
મગ બના ત્યારે, અધિક રૂગી દા મુરખન
બન બીમારીઓ અનુભ ની ખમ, નર ॥ ૯૪ ॥

તરે નૌકા પોતે, સદ્ગુરુ જળમાં એ શુભ રિતે,
અને સ્વાધીનોને, જરૂર પળિ તારે નિયમિતે;
ગુરુ તો એ દોતે, પરમ નિતિથી આ સવ તરી,
સદા તારે શિષ્યો, અધિક ઉપદેશે બધ હરી. ॥ ૭૫ ॥

ગુણારાવ:શાખો, વગર ગમનથાથી સુખ વરી,
સખી લેખો થાકે, અસર નવ પામે પણ કરી;
રહી ન્યારા પોતે, અધિક શિખ આપે ઉપરથી;
જમો મિરસા જાણ, મણિ નવ રહેનાં અવરથી. ॥૭૬॥

મિરાંબાઇ મોટી, હરિ ભજન દીપે ઘણ રહી,
ગણાણી જ્ઞાનીમાં, ભજન પરતાપે ગુણ ગ્રહી;
તજી મિથ્યા માયા, સતત શુભ સાધ્યું મન ધરી,
રહી ન્યારી પોતે, જગત સઘળાને પરહરી. ॥ ૭૭ ॥

દશા દેતા પ્હેલાં, સજડ મનમાંહી સમજજો,
નરે એ પ્હેલા તો, અવર જનને એ નિરખજો;
પહીથી પોતાને, સખન રિતથી ઘાયલ કરે,
ખરે ખોટે છે તે, જરૂર જન તેમાં પડિ મરે. ॥ ૭૮ ॥

પ્રભાતે જે વ્હેલા, નિવસસર ઉઠી નિજ તણાં,
કરે કાર્ય કૃત્યો, અલિન થઇ પામે ધન ઘણાં;
રહે ડરા રોજે, રસિક મન પ્રફુલિત પુરાં,
સદાયે આનંદે, અનુભવ કરીલે સુખ ખરાં. ॥ ૭૯ ॥

અનાવૃત્તી કરવી, ચપળ થઇ દોરે જન તણી,
કરે તેવાં કૃત્યો, ચતુર પણ ભલી લાગણી;
દુખે જે અજ્ઞાની, મનસ વગ તે ના કરિ શકે,
દુધ જનો જ્ઞાની, ચપળ ચિત સામે થઇ ટકે. ॥ ૮૦ ॥

ભણી આત્મબુદ્ધિઓ, મકળ નિરભાવે સુંદરતા,
સધારી બીજાને, નિર્મળ રૂપ અજ્ઞાન હરતા;
ધન્ય આવા વીરો, સજ્જન નિરખ દયા અંતરે,
સદા આ સંસારે, ભાગ્યના પણ ત્યાંજ ચમકતા ॥ ૮૧ ॥

અદેખા અજ્ઞાની, ચતુર જન સૌને ચુકવવા,
કરે ઇર્ષા ઝાઝી, સજન સહુની એ દુભવવા;
પરંતુ સૌ ડાહ્યા, સજન જનની કિંમત કરી,
કરે તેના કોડે, સરસ સતકારો હિત ધરી. ॥ ૮૨ ॥

શશી સ્હેજે જુઓ, કમળ કુળ સૌને ખિલવતો,
કદી વીના પોતે, અમિ રસ દઇને રિઝવતો;
સદા એવી રીતે, સજન પણ સૌને રિઝવતા,
ગમે તેવો હોયે, તદપિ નવ તેને દુભવતા. ॥ ૮૩ ॥

ઠગારા લોકો જે, અઘટિત કરે કૃત્ય હરખી,
બળે છે હૈયામાં, સુઘડ જન એ કૃત્ય નિરખી;
ઠગારા લોકોની, મતિ મલિન એવાં કૃત્ય કરે,
બુરી બુદ્ધિ એવી, સુઘડ જન દેખી દિલ ડરે. ॥ ૮૪ ॥

નમાલાં કામોમાં, વખત નવ મિથ્યા પરહરો,
ગણી મોંઘા મૂલે, સમય સઘળાનો વ્યય કરો;
ગયો તે ના આવે, અપસર ફરીથી અહિં જુઓ,
ધરી સિક્ષા ઉરે, અધિક સરવે આળસ ખુઓ. ॥૮૫॥

જુઆનીની જ્વાળે, અધિક જન એમાં પ્રજળતા,
પડીને ફૂછંદે, વિષય રસમાં એ સબડતા,
ગુમાવે છે મિથ્યા, જનમ સઘળો જોબન મદે,
પડે છે અંતે એ, અધમ થઇ નર્કે નિચ પદે. ॥ ૮૬ ॥

અલેખાનું જેઓ, ઘર ખરચ રાખી ખુશિ થતા,
ગુમાવીને નાણું, કરજ કદિ અંતે ડુલિ જતા;
બગાડે પોતાનો, અધિક ઘર વ્હાલો કસુરથી,
પડે ધંધો ભાગી, નિરબળ થતાં શૂર નુરથી ॥૮૭॥

બલા ભારી કાળે, વિપત ભય આવી શિર પડે,
તથાપી ના હારો, હિંમત મનથી તો નવ નડે.
ચડે છે આકાશે, વખતપર વા વાદળ જુઓ,
ટકે એ ના ઝાઝું, વખત વિતતાં એ નવ જુઓ. ॥૮૮॥

મુંઝાતા માયામાં, મલિન નિત્ય અજ્ઞાનજ વડે,
કરે કૈંઆ એવાં, વિપત ભવમાં એ જાય પડે;
ન માને જ્ઞાનીનાં, કથન કદિ માયા વશ રહી,
તજે આમાં સુખો, નરક દુખનાં સંકટ સહી. ॥ ૮૯ ॥

ઘણા ખત્તા ખાઇ, મરણ થઇ જેઓ સ્થિર બને,
નહીં તે સોપાના, વિપત ભવમાં અસ્થિર મને;
કહે ફૂરી ફીને, અનુભવ કરી એ કાળ કાળે,
સદા વર્તી જાણે, શમ વિષમ સાથે સમપણે. ॥ ૯૦ ॥


અલંકારી વાતો, મુરખ જન સાચી સમજતા,
નહીં મર્મો જાણે, અધિક અક્ષરોથી પકડતા;
ઘણા એથી અર્થો, અનરથ રૂપે સૌ ભય ભર્યાં,
નહો લેવા જતાં, મુરખ જન હાણે જાય કર્યાં. ॥ ૯૧ ॥

ઘણું કષ્ટો વેઠી, અખિલ ધનનો સંચય કરે,
ન ખાએ ના ખર્ચે, કઠણ ધન સૌ વૈભવ હરે;
વળી સ્વમામાંએ, ન પરઉપકારે પગ ધરે,
પછી અંતે એનું, અધમ ધન લુંટાતુંજ ફરે. ॥ ૯૨ ॥

સખી મહીં પોતે, ગુરુદ વૃદ્ધિ સર્વે વિપતમાં,
કરી કંગાળીને, હરત નહિં હારી હિમતમાં;
કહે પૂરા રેખી, મરણ સપને એ નવ ગણે,
મહા મહીં એવા, ગરિબ જનનાં સૌ દુઃખ હણે. ॥૯૩॥

ભમે છે જેઓનું, ચિત ચપળ ચોદીશ ભમતું,
હમેશાં એઓને, અહદ થઇ એ ચિત્ત દમતું;
નહીં કોઇ વાતે, ગુરુદ થઇ એ શાંતપણુંથી,
ફરી બેસે ઠામે, ચપળ ચિત કેરા ભ્રમણથી. ॥ ૯૪ ॥

લુચ્ચાઇ લોકોની, સુઘડ નવ બુદ્ધી સમજતા,
કરે કૂડાં કૃત્યો, મલિન મન રાખી ભટકતા;
પછી લોભી પાસે, અપર જનને એ ડુબાવવા,
બુરી બાજી બેસે, દુષિત થઇને નર્ક પડવા. ॥ ૯૫ ॥



માળા ૨૦ મી

ગીતિ વૃત્ત.

મૂરખ જનની સાથે, મૈત્રી કરતાં મલીન રંગ લાગે
દિન દિન વૃદ્ધી પામી, મલિન પણાનું પ્રબળપણું જાગે. ॥૧॥

સંગત કરતા પેહલાં, પાત્ર સંગીનું પરખી લેવો પૂરં
પરખ્યા વિણ કરશો તો, અંતે એ બહુ ફળ આપે બુરૂં. ॥૨॥

ગુણિઅલ જનની ગણના, ગુણિઅલ જનમાં વિશેષ વખણાતી.
પણ કદિ અગુણી જનમાં, ગણના એની જરાન ચર્ચાતી ॥૩॥

દુનિઆં બહુ રંગી છે, નિરખીને ચિત ચલીત નવ કરવું.
પણ ધીરજ ધરિ મનમાં, શાંત થઈને સરળપણે ઠરવું. ॥૪॥

મોટા જનની સાથે, નાના જન જો વિવાદથી હારે;
આજ વાઘની સાથે, સ્લેંજ ચડે તે જાનાં તરત મારે. ॥૫॥

જેનું મન જ્યાં જોડે, તેનું મન ત્યાં જવાજ હલચાલું
નિરખી મદિરા પીડું, વ્યશનીનું મન તરત જ હરખાતું. ॥૬॥

પ્રીત પરાણે કરતાં, પ્રેમ તણો રસ કદી ન પીવાનો;
ઇચ્છા વિણ ભોજનથી ભોજનનો રસ અરીક ક્યાં જાનો. ॥૭॥

દુનિઆંમાં દુખ દેખી, કાયર થઈ મન કદી ન કંટાળો;
કાળ તણી ગતિ એવી, સુખ દુખ નિત્યે ભમણ ધનું ભાળો. ॥૮॥

સ્વચ્છ મનુષ્ય કુમગે, કુસંગી મમ ગુણમાં નિરખાઉં
નિર્મળ જળ પણ આવી, સંગે મળતાં મલીન વરતાઈં. ॥૯॥

સુંદરતા બહુ સારી, પણ સદ્ગુણવિણ, ગણાય નહિં સારી;
ખારૂં જળ બહુ નિર્મળ, પણ તે પીતાં જણાય ખીહારી. ॥૧૦॥
કેળવણી કરવાથી, ઉત્તમ પદવી, સહાય સૌ પામે:
શિક્ષકે કેળવણીથી, પંડિત થઈને કરતાં શુભ કામે. ॥૧૧॥
દેહને જે દર્દ લાગી, તે દર્દ દૂરી કરવા તે ચાહે;
રોગ તણી ઔષધી, કરવા શીના ધરીજ ઘટ રાખે. ॥૧૨॥
પ્રકૃતી નીતિ રીતી, મનુષ્ય તણી સૌ સુધરે સત્સંગે;
એ વિણ તત્ક્ષણ બીજે, પર નર લાગે જન અંતને અંગે. ॥૧૩॥
વિનય ધરી વશ કરિએ, તો વશ થાએ જરૂર દુર્જન સેવે;
વશીકરણી એ વિદ્યા, મોટા મોટા મુનિવરને હરવે. ॥૧૪॥
કુટુંબની ગતિઓથી, દિન દિન વૃદ્ધી વિશેષ થઈ જામે;
પણ અંદર એનાએ, ઊગતા છેદે, વિનાશ એ પામે. ॥૧૫॥
સદૈવ ગુણગાન કરતાં, સત્ય વચન છે શાનક ગણું સારૂં;
જૂઠા જનની પાસે સત્ય વચન પણ, જુઠમાં ખપનારૂં. ॥૧૬॥
એક પળે પરમેશ્વર, પર્વતને પણ, કરે જમીન સરખો;
તો પછિ મનુષ્ય તમે તો, તેની શક્તી કઇ રીતે પરખો. ॥૧૭॥
બુદ્ધી ભ્રષ્ટ બને છે, ત્યારે ઉરમાં અતિ તર્કો ઉઠી,
સંસારિક સૌ બાજી, પ્રપંચે દેખાય છે જૂઠી. ॥૧૮॥
મૂરખ તણી મતિ એવી, સંગી જનના મનથી દોરાતા;
હાજી હા કરનારા, મિત્રો મૂરખ અતિશય સમજતા. ॥૧૯॥
નિર્દિન કર્મ કરીને, જગમાં જિવતર ગણ્યો નહિ સારૂં;
કુળક્ષય કરિને પાંડવ, હીમાળે ગળિ તજ્યું જિવન પ્યારૂં. ॥૨૦॥
સત્યપણું આચરતાં, સત્વાદી સંકટથી નવ ડરતા;
હરિશ્ચંદ્ર સત્ય માટે, નીચ ઘરે રહિ અનુચરપણું કરતા. ॥૨૧॥
આડંબર ઊપરનો, દેખી ભોળા જન બહુ ભરમાતા;
મિથ્યા મેઘાડંબર, નિરખી મયુરો મલાર મુખ ગાતા. ॥૨૨॥
કલંક કદિ નવ નડતું, નિંદ્ય મનુષ્યને લમણે લાગેલું;
મંદુ વધ્યા શું અગરે, કારણકે એ હતુજ બગડેલું. ॥૨૩॥
જે રીતે ચંદ્રોદય, દેખી ચિત્તમાં ચકોર બહુ રીઝે;
એ રીતે શુભ પત્નિ, પતિને પ્રેમે, નિરખી રસ પીજે. ॥૨૪॥

લવણ વગર અન્ન ફીકું, ખાતાં લાગે રસ હીણું જેવું;
પ્રેમ વિના દંપતિનું, આ સંસારે, સમજો સુખ એવું. ॥
સઘડ દંપતિ જેવાં, પ્રેમ વિનોદે વદતાં બહુ વ્હાલે;
એ રીતે સુકવિઓ, કાવ્ય વિનોદે રસિકપણે મ્હાલે. ॥
ઊત્તમ જન આ જગમાં, ઊત્તમ કુળ વિણ કદી ન ઉપજતાં;
મોંઘાં ફળ મુક્તાફળ, માંગાગર વિણ અવર ન નીપજતાં. ॥૨
પંડિત જનની પાસે, પાખંડીનું નવ પોકળ ચાલે;
જૂઠાં નગ ઝવેરી, પરખી પૂરણ કરમાં નવ ઝાલે. ॥૨
દારા દુર્ગુણી દેખી, કઠક પુરૂષને મળે ઘણો સારો;
પિંગળાને પીછાણી, ભર્તૃહરીએ વ્યવ્હાર ધિક્કાર્યો. ॥૨
શાકણ ડાકણ ને વળિ, ભૂતપલિત સૌ ભ્રમિત મને ભાસે;
વાયુની ભ્રમણાથી, નિંદ્રામાં જયમ, સ્વપનાં નિરખાશે. ॥૩
અભિમાનીને અરે, કુળ કુટુંબની શરમ નહીં આડતી·
દુર્યોધન દ્રોપદીને, ખેંચી લાવ્યો સભા મધે રડતી. ॥૩
હોય મરદ પણ કુસ્થળ, પડતાં એ કદિ, નવ નિકળે ચળકે
રત્ન અગોચર ઠામે, ઠરતાં એની જણાય શું ઝગડી. ॥૩
લોભી ધનને માટે, મનમાં જેવી લલોપતા રાખે;
નિમળ જન એ રીતે, જ્ઞાન મહુમાં નિજવૃતી દાખે. ॥૩
ચતુર પુરૂષ ચેતીને, 'મન માનેલો ઠગ આગળ દેખે
અધ મનુષ્ય સ્થળ શોધી. થાસે એવી રિત મમજી લેએ ॥૩
દુનિઆને શિર છો દે, અજ્ઞાની જનવણ સમજે દોષ:
દુનિઆ તો દેખે છે, તેનું દાખે પ્રગટપણે જેશો. ॥ ૩૫
કામ નિયમસર કરતાં, કામ મનું પૈ કરવા તક મળતી;
નિયમ વિનાનુ એકજ, કામ કરો પણ, તક નવ નિકળતી. ૩
નીતીની અરચીથી સંસારિક સુખ, વિનાશ સૌ થએ
અનીતિ અરચીવી, નિર્ભય ચડતે શરીર પડી જાએ. ॥
પા પજન પેન, કરતાં સર્જન ઉપર છે અર્થ વ:
અ અવી અ દુર્જન દરનિ સમજાત નહિ ાય. ।૩

ભ્રષ્ટકાયીને માટે, ત્યાં કિંચિત્ કુશળ થયો નથીનું
કાયકુંડ કેવી કે, ભાગવાળીથી કરી બહુ દાઝેલ ॥ ૩૯ ॥
નરકમાંહેથી માર્ગે, તો તેથી દુખ, નિરંતર નહિ પામે;
આશ પાપિજનની તેટ, નારકની હદે નહિ બેઠી વગેરે. ॥૪૦॥
જુગના દુઃખથી માટે, તેથીજ નિશ્ચય કરવા હાજરાયે;
પેચના હાથ કરીને, પીઠ પીઠ ભુજરને જાણે. ॥ ૪૧ ॥
અજ્ઞાન પુરુષના ભયમાં, સ્વાર્થીનરથી સંભાવ તે પામે;
વિના તો સાધનમાં, અંતર્યુ સાગર હરિ નવ કરશે. ॥૪૨॥
કાળ કલ્પ અજાણી, દુઃખ પરીશ્રમ કહુજનથી માના;
મોટા મોટા મુનિજન, તે દુઃખ તેના કહ્યા શુભ બહુ આનંદ ॥૪૩॥
શુદ્ધિ કહેવા નિશ્ચળી, ત્યાગ શુદ્ધિ કરિ મેં વિચારી;
એ વિચારવૃત્તિ ચિત્તમાં, નિરંતર બહુબહુ દુખકર દેખાતી. ॥૪૪॥
તેને દુઃખ ઉર દેશે, તેહ પાપની છબિથી વરતાયે;
આપણે ત્યાગ કરો, તે રવિ પાપીના દિલનું ભમતાયે. ॥૪૫॥
કાજ માહિ સતનાં, તીર પુરુષ સો વિવેક બહુ રાખે;
અજ્ઞાન વિશ્વાસીપણાની, સાધુ સતનાં અવગણના રાખે. ॥ ૪૬ ॥
જેનું મન બહુ નિર્મળ, અને દયાથી ભર્યું હતી ભારે;
ત્યાં વિવેક પામીને તે જનને આ ભવસાગરથી તારે. ॥૪૭॥
દયાળ સત્પુરુષ રૂપ, તે જન નિશદિન નિશ્ચયથું ધરતા;
આશ્રિત પ્રત્યેક દુઃખ થયો શા, ભાગ્યહીન નવ કરતા. ॥ ૪૮ ॥
અનુભવ તે દુઃખ તેથી માનવું, કરેલ બહુ કેડું.
તે ગયું પણ છે, પછી હરિએ થયો નહીં દેડું. ॥ ૪૯ ॥
સતની ઉત્તમ દાસતા, પ્રફુલ્લિત કરીને દયા કિસે ધરશો;
તો ભગવાનનું સુખ, નાથમાં અંતરમાં અનુભવીને કરશો. ॥૫૦
જેનું મન બહુ નિર્મળ સ્વચ્છંદ છે, નજીક મન એને;
એ વળ ઉત્તમ કરવા, ભાગ્યવાન પણ, નહીં ન ધ્યાન તેને. ॥ ૫૧ ॥
દાન કરવાનું વિશેષ, આ નીતિ હૃદય નહીં ઠરે,
પાણી પણ ભરેલાં તેને દુઃખ રવતર તો જુએ. ॥ ૫૨ ॥

[illegible] ની વાણી, અમૃત રસની ઝરતી છે ધારા;
[illegible] થઈને મ્હાલે [illegible] જન સૌરભ એ પીનારા. ॥૫૮॥

[illegible] ચિત બાળકનું [illegible] પિતાના ગુણમય બદલાતુ;
[illegible] જળ મીઠું પણ પૃથ્વિમાં પડીને પલટાતું ॥૫૯॥

[illegible] નહિ [illegible] સુખ [illegible] ની ગણના પ્રેમતણી,
[illegible] તજી [illegible] પતિની સાથે વિચર્યા રાનભણી. ॥૫॥

[illegible] મનમાં, [illegible] ચિત [illegible] ન ગમજાણી
[illegible] આશિ હરિચંદ્રે તાણી. ॥ ૫૬ ॥

[illegible] કરતા નર સુધરે;
[illegible] મધુ [illegible] ॥ ૫૭ ॥

[illegible] નિશદિન [illegible]
[illegible] તશય પસ્તાતા. ॥૫૮॥

[illegible] મન રીઝાવે
[illegible] ની [illegible] દેખાડે ॥૫૯॥

[illegible] મન [illegible] ગોહાના,
[illegible] ની મરમાતા ॥ ૬૦ ॥

[illegible] ના નનાર ગુણ રીતે,
[illegible] પ્રીતે ॥૬૧॥

[illegible] મારે,
[illegible] ભગિનાગે ॥૬૨॥

[illegible]
[illegible] ઝતાના ॥૬૩॥

[illegible]
[illegible] ॥ ૬૪ ॥

[illegible]
[illegible] ૬૫ ॥

[illegible]
[illegible] ॥ ૬૬ ॥

ડાહ્યા જનને ગંભિર, પ્રશ્નથી કે જવાબ ઊંડાણે;
તો તેની અનુવૃત્તી, વાત ખુપાવ્યા થઇ છે સમજાણી. ॥ ૬૭ ॥

ઢંગ વગરનાં માણસ, પગમાં ટીચે પળમાં ખિજવાએ;
મંકોડા રોળ્યામાં, ખેદ કરે ને તરતજ મરડાએ. ॥ ૬૮ ॥

અભિમાની જન આગળ, ધ્યાન ધરી પણ ઉરમાં નવ લેખે;
અંધજનની આગળ, દર્પણ ધરિએ છતાં નહીં દેખે. ॥ ૬૯ ॥

શત્રુથી-સૌ ખાએ, તે નરને નવ શૂરવિર પરમાણો;
અગ્નિધર મેડક નિરખી, ભડકે તો તે, અગ્નિધર નવ જાણો. ॥૭૦॥

શાસ્ત્ર સકળ શીખો પણ, અનુભવ વિણ નહિં અધિકારી એના;
રામ રટણથી ગુરુ લો, સમજ્યા વિણ હરિપદ પામે શાનો?॥૭૧॥

નાનાના મંડળમાં, મોટા જન જઇ જરાંથી ઝંખાતા;
રવિ શશિ વાદળ વચમાં, આવે અતિશય નુરંથી ઢંકાતા.॥૭૨॥

યત્નો એવા કરિએ, દેહ પડે પણ દિલથી નવ ડગીએ;
સગર તણું કુળ ગંગા, લાવ્યા તપ કરી ત્રણ પેઢી લગીએ.॥૭૩॥

જેણે દુઃખના દિવસો, દીઠા તે નવ સુખમાં છલકાતા;
પાંડવ વનમાં વસીને, રાજ મળ્યા પછિ થયા ન મદમાતા.॥૭૪॥

શત્રુ દુઃખ દે તોપણ, શાપ ન તેને શિર સજ્જન દેતા;
વિશ્વામિત્રે દીધું, દુઃખ તોપણ ગુણ, હરિશ્ચંદ્ર લેતા. ॥ ૭૫ ॥

સંગિન વિદ્યાભ્યાસે, વિદ્યાની બહુ ચડતી છે રથીતી;
પાયો ઇમારતનો, ઊંડો નાંખ્યે, પકડે મજબૂતી. ॥ ૭૬ ॥

હિતકર જનને હાથે, ગફલતથી કદિ નુકશાની નિપજે;
તોતે સઘળી સુખથી, એક વખત તું સમજીને ખમજે. ॥૭૭॥

પ્રેમતણો રસ તાજો, પ્યારો છે પણ જિરણ નહીં પ્યારો;
તાજો રસ કેરીનો, મીઠો છે પણ નહિં વાશી સારો. ॥ ૭૮ ॥

અનુચર એવી રીતે, વરતે જેથી ધણિનું મન રાચે;
કાષ્ટતણી પુતળિઓ, બાજીગર જ્યમ નચવે ત્યમ નાચે. ॥૭૯॥


સંબંધી સાધે પણ, બહુ સહવાસે દુશમનતા જાગે;
અરસપરસ અથડાતાં, વાંસતણું વન ઝડપીને લાગે. ॥ ૮૦ ॥



[illegible] ફરતા;
[illegible] દુર્દમ એ કરતા. ॥૮૧॥
[illegible] નિજને ભોગવવાં,
[illegible] નિમતતણા ગણવાં. ૮૨
મનની [illegible] ગાડ આવે;
[illegible] મનને અકળાવે. ॥૮૩॥
[illegible] નહિ દાવો
[illegible] દુનો. ॥૮૪॥
[illegible] વિચારી નવ વળશો,
[illegible] ઓળખશો. ૮૫
[illegible] ગમના,
[illegible] ॥૮૬॥

જે જન અતિશય ખાશે, તેનું બોલ્યું જુઠાં થાશે;
શ્વાન, સજ્જને સમાનું, દેખી કોઈનું, દિલ નવ દરખાશે. ॥૯૫॥
નષ્ટ મનુષ્ય પણ થાશે, નાના જનના સહવાસે તાનું;
હીનજ્ઞ જન અરમીના, સાથે ગરમી સરખું સમજાનું. ॥૯૬॥
પદે શિદ્ધિ મરણથી, દુષ્ટપદની બહુ બેસે આજ;
પણ પદો ઉપરતાં, પેલ પ્રમાદ થઇ પછડાતો પાછ. ॥ ૯૭ ॥
મરણ સમયની ઘંટી, વસમી છે પણ સદ્બુદ્ધિને સારી;
પરલોકે સંચરવા, આનંદે ઉર, ઉંદરે ઉગારી. ॥ ૯૮ ॥
રાગદ્વેષમાં પ્રાણી, મરણ થતાં જે વખતે મન પ્રેરે;
તે વખતે તે નિષ્ઠુર, થઇને નમણું કરવામાં શૂરે. ॥ ૯૯ ॥
બુદ્ધીના અંકુશવિણ, મન ખૂંટું વૃદ્ધિ મુરખપણું મ્હાલે;
પણ પછિથી પછડાતાં, પંચવટા પાડીને ફરતું પોંહાલે. ॥૧૦૦॥
વણ હકનું ધન ઘરમાં, ધાલ્યે હકના ધનને વણસાડે;
પયમાં પાણી ભેળી, અન્ન દર્યાથી પયને બગાડે. ॥ ૧૦૧ ॥
સમય કરે જે કામો, તેવાં કામો જનથી નવ થાએ;
પતનો સમજી જનના, સમય વિરૂદ્ધે નિરથક નિરખાએ. ૧૦૨
પ્રમાણ પુરૂષનું ચિહ્ન, પ્રમાણ પુરૂષ વિણ, નિશ્ચય નવ કરનો;
હીરાના વિષયને, માટે વિવેક પણ હીરા ઠરતો. ॥ ૧૦૩ ॥
વખત ગયા પાછે જે જ, વિચારિએ તે ફળ કાંઇ નવ આપે;
જન્મ ગુમાવ્યા કેડે, જ્ઞાન મહુણથી ઇનામ શું કાપે? ॥૧૦૪॥
અનુભવની ઇચ્છાને, અનુસારે જે જન જગમાં ચાલે;
તે આશાદન નિર્વિઘ્ન, કામ કરીને મરજદાના મ્હાલે. ॥૧૦૫॥
મોટા જનની સેવા, કદીક સમ બહુ ફળદાયક દીઠી;
કૃષ્ણ તણી ચાકરીથી, સુદામાની દળદરજદર વિતી. ॥ ૧૦૬ ॥
દુશ્મનનું બળ દેખી, કાયર થઇને ડરવું શા માટે;
ખીલેલાં તો જીવે, વખત જતાં અદર આવનારે વાટે. ॥૧૦૭॥
નિતા ભકતા દુખી, ગીતા જુનની દગી સંસાર મારા,
ઉપાય વિચારીને નરકે ફરશે એના મારફત મારશા. ॥૧૦૮॥

માળા ૨૭ મી સંપૂર્ણ.



માળા ૨૧ મી.

ગીતિ વૃત.

એકાંતે વિચારો, સઘળા આવી ઉરમાં ઉભરાતા;
કુસ્મ તણા બહુ ગોટા, બંધ કરેલા ઘરમાં ગોટાતા. ॥ ૧ ॥
શાંતપણાનો મ્હેરો, અંતરની ઠંડકતા બતલાવે;
ઉભરા વિણનું પાણી, અંદરની શીતળતા સમજાવે. ॥ ૨ ॥
એક વિષયપર અતિશય, મતથી સાચી હકિકત શોધાતી;
કેશ તણા પૂરાવા, પૂરણ જોતાં રચના સમજાતી. ॥ ૩ ॥
જુબાનીમાં જૂઠા, જન જોડકણાં બહુ જૂઠાં જોડે
ગભરાએલા માણસ, આરંત વખતે ઉલટી ગમ દોડે. ॥ ૪ ॥
કાચા કાનોવાળાં, ભમેર્યાથી, હરદમ ભરમાતા,
કાચા ઘટ પાણીથી, ભરતાં તરતજ ગળતા દેખાત. ॥ ૫ ॥
હરેક યત્નો પૂરી, અજમાયશ વિણ પડતા નવ મુંકો;
અધવચ પડતા મુંકયે, એ યત્નોનાં ફળ લેતાં ચૂકો ॥ ૬ ॥
પ્રવાહ ભાષાનો તે, કૃત્રિમ બંધન થકિ નવ અટકશો;
પ્રવાહ મોટી નદિનો, રોકાતો નહિં પુલથી બાંધેલો. ॥ ૭ ॥
કૂદી બંધન પ્હેલા કઠક મનુષ્યને અણુગમતાં ભાસે;
પણ અંતે એ સારાં, વખત જતાં બહુ મનમાં સમજાશે ॥૮॥
હાલ કન્ક જે બાળક, ઝુલે છે તે વડા વિના મનગ
ઢાંકેલા કિસ્મતની બાજુ પ્રથમથી નહિં ક ભ્ય પગે. ॥૯॥
નર જંતુ માણસનું, તેની સાથે બની પશુ ભિન્ન વનુ
બની અરવસ્થામાનુ અજ્ઞાનને ગાર માણુહરતા રજતુ ॥૧૦॥

પરદેશી પરધર્મી, જનનું સૌ નવ, અનુકરણ કરવું;
પણ કુશળપણું તજીને, સાહિત્ય સઘળું, મરકટપણું ધરવું. ॥૧૧॥
સુદ્ધીશાળી જનનાં, નહીં સઘળાં સ્વતંત્ર સ્ફુરિત જાણો;
લલનાના વિલાસો, આપોઆપજ પ્રગટ્યા પીછાણો. ॥૧૨॥
પતિત જનની બુદ્ધી, પ્રૌઢ બન્યાથી મન ગોદક દીસે;
યુવતી પણ જરાની વયમાં મ્હાલે વિલાસને વિશે. ॥ ૧૩ ॥
વૈભવ વિલાસ સર્વે, યજ્ઞ પ્રમાણે જન મનને રૂચે;
યાચન મન બહુ રિઝવે, પણ ગાયન ગય વયનાં તે ખુંચે. ॥૧૪॥
બાળક કરતાં ગાદી, આમદ ઉપર બહુ પ્રીતી રહતી;
જિહ્વાનો કરતાં પણ, માતા અવસર નિશદિન આરાડતી. ॥૧૫॥
પ્રાસાદિક કવિઓનાં, કાવ્ય સદા જન મનને રીઝાવે;
કુદરતની રચનાનાં, ખુબી સૌનાં હૃદયજ હરખાવે. ॥ ૧૬ ॥
પ્રાસાદિક કવિઓનાં, કાવ્ય સુણ્યાથી મન નિર્મળ બનશે;
શરદ સમયના જળમાં, ન્હાતાં વપુનું મલિનપણું મટશે. ૧૭
સ્વચ્છ મનુષ્યના મનના, મહત્‌ગુણ સઘળા પ્રકાશ અતિ આપે;
નિર્મળ હાંડીમાંથી તેજ દિવાનું દશદિશ દીપાવે. ॥ ૧૮ ॥

શોક જેને આવે, તેને શારદે મનથી બહુ માને;
શારદની વિભુતીને, શિખો શરીરે ધરતા દિલજાને. ॥ ૧૯ ॥
ઉપરથી બહુ કડવાં, કેરૂ વદે તે જન મનથી મીઠાં;
આમ્ર કુળો છોડથી તુરંત પણ રસો મિઠાં દીઠાં. ॥ ૨૦ ॥
શાંતપણાની સાથે, સ્થિર ગંભિર જન બહુ જેનું ભાખે;
એ સરલહૃદયપણાનાં, લક્ષણ સઘળાં જનનાં લેખાશે ॥ ૨૧ ॥
જેની બુદ્ધી સાત્વિક, તે જન શું નવ કરી શકે કાંઇ;
વરાળને વિજળીના શોધકની અતિપ્રજ્ઞા છે ભાઇ. ॥૨૨॥
સગપણ સબંધ કરતાં, પ્રેમાકર્ષણ, કરે અધિક અસે;
માત પિતાથી છાનાં રૂકમણી જઇ પરણ્યાં કૃષ્ણ ગ્રસે. ॥ ૨૩॥
શ્યામા સદ્બુદ્ધિ સારી, પણ એ સ્ત્રી હઠ પકડે નવ સારી,
શરદ સમય સુખકારી, પણ પિત ઉછળે અતિશય ભયકારી; ॥૨૪॥
સમય તથા પરિબળથી, સારું નીં પણ, વિપતીમાં ઉતરે;
સુધ્ધ કેરાં સાકર, વાસરા થઇને વરસ્યા વિનુ ત્યાંરે. ॥૨૫॥

નિષ્ફળ પુરૂષના, કર્મને જે જન, વળુંદક કહેવાવે;
તો તેનું ફળ આપ્યું, તેના શાથે ક્ષિણતામાં આવે. ॥ ૪૧ ॥
સદ ઇચ્છામાં સંકટ આવે પણ એ અશ્વત્થ નવ ખરતી;
બંધન બારે આવે. તોપણ સરિતા સમુંદ્રમાં જાતી. ॥૪૨॥

વિનય વગરના ચિતથી, મોહનસે વંશ થઇ મોક્ષ બગડે;
વાત ખરી એ વખતે, બનાવિએ પણ ઊરમાં નવ પડે. ॥૪૩॥
પ્રમાદથી કીધેલાં, કુડાં કૃત્ય નવ પ્રમાદથી ટળતાં;
કાદવથી બગડેલાં જળ, કાદવથી નહિં નિર્મળ બનતાં. ॥૪૪॥
નિયમિત વખતે સઘળાં, કાર્ય કર્યાથી દિલ ખુશ દેખાતું:
મ્હાન પુરૂષ જન જાણી, જનનું એવું જિવતર જોવાતું. ॥૪૫॥
મ્હાન પુરૂષ સૌ સાથે, સમાનભાવે વરતે વ્યવહારે:
પણ દંભીજન વરતે, દંભ ધરીને ઉલટા ઉપચારે. ॥ ૪૬ ॥
બાંધી અવધી કેરી, ટેવ અનિયમિત થવે વિઘન કરતી:
અમુક વખત ભોજનનો, થતાં અનિયમિત દરદ થવા શકતી.૪૭
હદ કરતાં જે જાદે, કરિએ તેમાં અવગુણ બહુ આવે:
દીપક ઉપર અતિશય, દિવેલ રેડે પ્રકાશ બુઝાવે. ॥ ૪૮ ॥

સુખિઆ દુર્ગુણી દેખી, દુર્ગુણને નવ વખાણજો મનથી:
એ કરતાં સદગુણીઓ, ઘતક ગણાછે સુખિયા તનમનથી. ૪૯
નિંદા નિશદિન કરિને, નીચ પણાથી જિવતર જે ગાળે;
તે જન પરસુખ દેખી, દુખિયા થઇને નિજ તનમન બાળે. ૫૦
અરસપરસ બહુ વિગ્રહ, પક્ષ ઉભયમાં બનતો જે વારે:
તે વારે તેઓને, દુશ્મન આવી વચમાં પડકારે ॥ ૫૧ ॥
મોજ કરી મોજીલા, ઉદ્યમહિન થઇ, હરદમ જે ફરતા:
તેને લક્ષ્મી તજિને, જાએ તેથી કંગાલ થતા. ॥ ૫૨ ॥
કંજુસથી નિજ દોલત. વપરાની નહિં પરહથ વપરાતી;
મધમાખીના મધને, ખાય બિજા પણ, નવ પોતે ખાતી. ॥૫૩॥
રૂપ ગુણ કરતાં અતિશય, પ્યાર પમાડે પ્રથમ પણ જનને
કારેલી ફુળજાને, પરણાવી કરિ, કરિ વ્હાલી કન્ને. ॥ ૫૪ ॥

[illegible] ધારથી બડેકી, દેર તજની, બહુ ધીમે ધીમે;
[illegible]ની ચીજ તણું પણ, વ્યગન ઘટે છે ઘટાડતાં નિયમે. ॥૫૫॥

[illegible]ના કિમ્મતપર, ગજી રહિ ચિજ અહર્નિશ નવ હર્ષેછ,
આમાં શુભ સંતોષ જ, પુન્યપણાથી સમાયલો મીઠ. ॥૫૬॥

ભલુ બને કે ભુંડ, તેમાં તેપર મન રાખો રાજી;
[illegible] મને પ્રભુ ભજિને ભના નરિમની ભજજો ભક્તિ આજી. ॥૫૭॥

[illegible] પોતાનું, જિવન ખુશીમાં જવા જરૂર ઇચ્છેજ
[illegible] આમત [illegible]નાથી મીઠ ॥ ૫૮ ॥

નામ બનું [illegible] હૃદયમ અહિં વસવું;
[illegible]ની [illegible] ખસવું. ॥૫૯॥

[illegible] મનનડતાવાળો;
[illegible] મનવાળો. ॥૬૦॥

[illegible]
[illegible] ॥ ૬૧ ॥

[illegible]
[illegible] ॥૬૨॥

[illegible] ॥૬૩॥

[illegible] ॥૬૪॥

[illegible]

[illegible] ॥૬૫॥

[illegible]
[illegible] ૬૬ ॥

[illegible]
[illegible] ૬૭ ॥

[illegible]

જ્ઞાની જન વિણુ બીજા, ભવનિધિથી નહિ નર ઉતારે;
નાવિક વિણુ નહિ કોઇ, નાવ ઉતારે સમુદ્રને પારે. ॥ ૬૯ ॥

સ્નેહ થકી સૌ જનને, શોક તણી બહુ પરંપરા મળતી;
જેમ પતંગી પતિની, પાછળ શોકે, નિશદિન રળવળતી. ૭૦

રાજ કરમને ગુણના, આધિન જનથી અવર ન રહાતાં;
સર્પે તજ્યા કસીકા, જનથી બીજા જન નવ મુકાતા. ॥૭૧॥

ધર્મ તણો સંપ્રદાય, જોવામાં જ્યાં પ્રથક્પ્રથક આવે;
સંતોના સાધો કહિયે, એકપણા વિણુ બધી નવ દરસાવે. ॥૭૨॥

શાસ્ત્ર તણા સિદ્ધાંતો, શિખતાં સૌમાં મંદતા બહુ આવે;
મંત્ર તણા ઉપચારો, મૂર્તિમાં પણ, પ્રભુના પ્રગટાવે. ॥ ૭૩ ॥

સુધરેલી પરજાને, દુરાત્મપંત પણ સુધરેલી ગમતી;
ખાંડ ભરાયા સુધી, નાટક જોવા નવિન પ્રજા ભ્રમતી. ॥૭૪॥

માબાપો પુત્રીને, પરણાવે વર ઘેર સારૂં જોઇ;
તો તે માબાપાનું, શુભ ઇચ્છે છે બહુ આશિષ દેઇ. ॥૭૫॥

નિષ્કેવળ જનને જ્યાં, હરિ રાખે ત્યાં, નવ દુશ્મન ફાવ્યા;
વિષને બદલે વિખિયા, ચંદ્રહાસનૃપ પરણીને આવ્યા. ॥૭૬॥

જગત બધું આ જૂઠું, તેમ છતાંએ મન સાચું ભાળે;
જળ આકાશ ન જળમાં, છે કંઇ તોપણ નજરે નિરખાળે. ॥૭૭॥

જોબન વયમાં જનની, આજમક્તપર બહુ વૃત્તી ફરતી;
પણ વૃદ્ધાવસ્થામાં, શાંત થઇને, સદ્ધ વૃત્તી કરતી. ॥ ૭૮ ॥

નિજ નિરવાહ ચલાવી, યત્ન વડે જે તવંગરો બનતા;
તે હુશિઆર ગણાઇ, જનમંડળમાં નવ પામે ન્યૂનતા. ॥૭૯॥

નિજ ગુજરાન તણીને, ક્યામતની જે ફિકરથી જાણીતા;
તે જન દાનાવો થઇ, હરદમ માનો હરિના માનીતા. ॥૮૦॥

જે જન નાણાં માટે, અવર કને જઇ કરતો ભાટાઇ;
તે ઠગ ઠગવા માટે, અંતર ધરિ કરતો લુચ્ચાઇ. ॥ ૮૧ ॥

સ્ત્રીઓ પતને સંભાળી, સાચવતાં એ કુળ સારૂં આપે;
સાચાને અજાણી, અંધ કરે એ નિજગુણ પરતાપે. ॥ ૮૨ ॥

શાણા કુકૃત્ય સમજી, સજ્જુરપણાથી ડરિને દુર ખસતા;
પણ મૂરખ જન પોતે, મુરખાઇમાં મસ્ત રહી હુમતા. ॥ ૮૩ ॥

જગમાં તનદુરસ્તી, ચીજ ખરી દોલત જનની જાણો;
એ વિણ બીજી દોલત, હોય ભલે પણ સુખ નવ પીછાણો. ॥ ૮૪ ॥

પાપી પાપ કરમથી, માર ખમીને, મરતાં પસ્તાતા;
પણ ધર્મી સુખ માણી, શાંતપણાથી મરણ ચિતે સ્હાતા. ॥ ૮૫ ॥

રોગી કરિની ચિજથી, દુર રહેનો, વપુને નવ ખોતો;
પર સેવન કરવાથી, આમંત્રણ કરિ મરણ તરત જોતો. ॥ ૮૬ ॥

જિંદગી જેવી બીજી, ચીજ નથી અહિં દુનીઆંમાં કિમતી;
મરણ જનમનો ફેરો, ટાળી જિવની કરતી મોક્ષ ગતી. ॥ ૮૭ ॥

સુભ કાર્યો કરતાં પણ, વખને કર્મો જનને કનડે છે;
એ સાંજોગ તણું છે, કારણ તેથી સુભ કૃત્ય બગડે છે. ॥ ૮૮ ॥

જેહ ધરમ આચરતાં, ઈશ્વર ઊપર નવ પ્રીતી થાએ,
તો તે ધર્મ સદાએ, ભ્રમ રૂપ થઇને અફળ જરૂર જાએ. ॥ ૮૯ ॥

ઘણો સમય ગંગાજળ, સેવ્યાથી જન પવિત્રતા પામે;
પણ સંતોના સંગે, પવિત્ર બનશે તરતજ તે ઠામે. ॥ ૯૦ ॥

વૈભવ માટે ધનની, ઇચ્છા ઉરમાં કદિએ નવ કરવી;
પણ પરમારથ કામો કરવા માટે ઉર ઇચ્છા ધરવી. ॥ ૯૧ ॥

ઉર અજ્ઞાની જાળે, ગુંચાયું તે ગુધરે નહિં સ્હેજે.
પણ એ જ્ઞાન ખડગથી, છેદન કરતાં, સુધરેછે સ્હેજે. ॥ ૯૨ ॥

ઝાઝા જનને નડિએ, તો તે સઘળા શિરપર ચડિ મ્હાલે;
રાહ નદી રોકે તો, તેના પર સૌ પુલ બાંધી ચાલે. ॥ ૯૩ ॥

મરજાદા મુકીને, ચાલે તેનો ડર રાખે સરવે;
પૂર ચઢે નદિઅલો, નજિક તણા સૌ જનને એ હરવે. ॥ ૯૪ ॥

કુળકિર્ત્તિ સાચવવા, મ્હાન પુરૂષ પણ રણમાં રડવડિઆ;
પણ જાળવવા માટે, બાણ સજ્યાપર ભિષ્મ પિતા પડિઆ. ॥ ૯૫ ॥

વીર પુરૂષ સગપણના, સમ્બંધ કરતા મહત્વાસે રીઝે;
પાંડવનો બંધૂપણ, કૌરવ પક્ષે પડી રણ ઝૂઝે. ॥ ૯૬ ॥

સુંદરતા ઉપરની, જોઇ સજનનાં મન પણ મોહાણાં;
કુરંગ કનકનો રૂપી, નિરખી સીતા મનથી લલચાણાં. ॥ ૯૭ ॥
કુળ આચાર અને વળિ, વિદ્યા માલુમ નવ જેનાં જાણ્યાં;
ત્યાંલગિ તે જન સાથ સ્નેહ, કરવા લાયક કદિ નવ પરમાણ્યાં. ॥ ૯૮ ॥
નિજ અંગીત સૌ જનને, ત્યાગ કરી જે પરજનને રાખે;
તો તે નિજનું મુંડું, નિજહસ્તે કરિ કૃત શું રૂડું ભાખે. ॥ ૯૯ ॥
પરસ્વાધીન રહ્યાથી, પેર ભરીને મનમાં નવ ફિકરીઓ;
કારણકે એ પોતો, સ્વપ્નામાં પણ સુખ નહિં ભોગવશો. ॥ ૧૦૦ ॥
અંગિત મિત્ર થઇને, ગુપ્ત બિના ગુણિ પર પાસે ખોલે;
ઘાતિક આ દુનિઆમાં, બીજો કોણ, નહિં એની તોલે. ॥ ૧૦૧ ॥
દુર્જન સૌ ઉપરથી, સાધુ સરખા થઇને બહુ ભાવે;
પણ ભીતરમાં ભારે, દુર્ગુણ ભરિને પ્રપંચમાં ન્હાવે. ॥ ૧૦૨ ॥
હોય વડિલજે કુળમાં, તેના ક્ષયથી કુળક્ષય બહુ થાએ;
ચક્રતણી નાભીના, તુટતાં આરા વિખરી સૌ જાએ ॥ ૧૦૩ ॥
જન્મ તણા જે વેરી, તેતો કદિ નવ જિવ લીધે છૂટે;
પણ જે કારણ પ્રત્યે, વેર બને તે, સમય જતાં તૂટે. ॥ ૧૦૪ ॥
શત્રુનો સહવાસજ, સ્વાર્થ લગણનો સદા સમજ ભાઇ;
સ્વાર્થ સધાયા કેડે, ઘાતિક થઇને, કરશે દરિદ્રાઇ. ॥ ૧૦૫ ॥
ઘાતકજન નવ જૂએ, ગુણિ અવગુણિજન પણ હણતો સૌને;
મિમાંસા રચનારા, રૂષિજૈમિનિને ગજે હણ્યો જોને. ॥ ૧૦૬ ॥
શત્રુ સૂક્ષ્મ રૂપે, પ્રવેશ કરિને હણે થઇ મોટો;
જળનું પુર પ્રથમમાં, ભૂજ દિસે પણ પછિથી દે કોટો. ॥ ૧૦૭ ॥
ગુણ નિધિ નિતિવૃતમાળા, રચી બરાબર ગુણ મહત્વ ભારે;
ભારે જયરંગ ઉરમાં, અનુભવ કરિને રટવાર વારે. ॥ ૧૦૮ ॥

માળા ૨૧ મી સંપૂર્ણ. ફ

દુર્બિનથી દેખાય, દૂર તણી વસ્તુ ભલી;
તેમ અગમ્ય ભળાય, જ્ઞાન વડે એ જ્ઞાનીને. ॥ ૧૦ ॥

નથી થતો કદી નાશ, સૃષ્ટીમાંથી કોઇનો;
બદલે રૂપ અપાર, વખત તણા જોરા થકી. ॥ ૧૧ ॥

નિયમ પ્રમાણે નિત્ય, વર્તે તે સાચા સદા;
નિયમ વિણ ખચિત, શુદ્ધ સત્ય સમજાય છે. ॥ ૧૨ ॥

આખું ધરિકાયંત્ર, નિયમ પ્રમાણે ચાલતાં;
એવો આ જગતંત્ર, નિયમ વડે સાચો સદા. ॥ ૧૩ ॥

મલિનપણું મરી જાય, જળથી જેમ વસ્ત્રનું;
એ રીતે ધોવાય, મન મેલું પણ જ્ઞાનથી. ॥ ૧૪ ॥

અરૂણનો ઉદ્યોત, હરે તિમિરને તેજથી;
હરતો એમ હમેશ, સુબોધ ઉર અજ્ઞાનને. ॥ ૧૫ ॥

અંતર ઉદય સંગ, એવી રીતે રેલીએ;
રેણુ સુવર્ણ નંગ, સુવર્ણકાર જે રીતીએ. ॥ ૧૬ ॥

ગજા ઉપર જે ભાર, તે જનથી ઉંચકાય નહિં;
અમૃતરસનું પાન, દૈવ થકી પીવાય નહિં. ॥ ૧૭ ॥

આત્માનો ઉત્કર્ષ, નથી જ્ઞાન દ્રવ્ય અમલમાં;
પણ પૂરણ ઉત્કર્ષ, સમાય નેકી ભક્તિમાં. ॥ ૧૮ ॥

ધરીએ એવું ધ્યાન, ધરે ચકોર જ્યમ ચંદ્રનું;
ભુલી જઇ નિજ ભાન, ઇશ્વર પર એક તાર થઇ. ॥ ૧૯ ॥

જે લક્ષ્મી ઉભરાય, તો તે ટકે ન કોઈ દિન;
પણ ઉભરો સમી જાય, તો તે ટકતી સર્વદા. ॥ ૨૦ ॥

શુદ્ધ પ્રેમનું સુખ, સર્વોત્તમ છે સૃષ્ટીમાં;
દેખો નહિં કંઇ દુઃખ, અવનીમાં એથી કદી. ॥ ૨૧ ॥

જોબન વયમાં જંત, મન વશ નવ રાખી શકે;
વેઠે વડું વિઘ્ન, ભવ આખો એ ભૂલથી. ॥ ૨૨ ॥

હોય સ્વભાવિક વેર, ત્યાં જઇ પ્રીત કરાવવા;
કરીએ પૂરણ પેર, તો તે મિથ્યા જાય છે. ॥ ૨૩ ॥

પ્રેમ દીઠું જે પાત્ર તેને પ્રેમ બતાવીએ;
તો તે નહિ તલમાત્ર, પ્રેમી બને બતાવતાં. ॥ ૨૪ ॥

[illegible] નજરે ગો મૃગ, કહ્યું; કે [illegible];
[illegible] કપાયાં [illegible], [illegible] એ [illegible]. ॥ ૨૫ ॥

ઝુંડગીનો ઇતિહાસ, આ મગ વખતે ઉરમાં.
આપીને આબાદ અમલ કરજો રૂદને ॥ ૨૬ ॥

દુખનુ ઓસડ દીન દુનિઆમાં દેખાય છે
આશાને આધીન ચમન જેવા ગણાય છે. ॥ ૨૭ ॥

નિજ કરેલાં [illegible] ગુણના ઓછ ન આવતો
પન મુખ વાતો નાગ અનન્યમાં અતિશય થતો. ॥ ૨૮ ॥

[illegible] જનન [illegible] પ્રભુ [illegible] પ્રથમનો
[illegible] ॥ ૨૯ ॥

[illegible] ની [illegible] ની,

પડે પવિત્રપર દુઃખ, તો તે અંતે જાણવું;
આપે અતિશય સુખ, ઉદય કરીને એહને. ॥ ૩૮ ॥

સુખ દુઃખનો અનુભવ, સૃષ્ટીમાં જેને નથી;
તો તેનો ઉદભવ, થાય નહિં કોય કાળમાં. ॥ ૩૯ ॥

સદગુણનો પરકાશ, થાય ન સંકટ વિણ કદી;
રાખે સુખમાં આશ, એ અજ્ઞાની સમજવા. ॥ ૪૦ ॥

ધીરજ વિણનાં જંન, વિપતીમાં ડગાય છે;
રાખે ધીરજ મંન, તે વિપતી તરી જાય છે. ॥ ૪૧ ॥

શાંત સજજનનું પેટ, કળાય નહિં કદી કોઇથી;
સમુદ્ર તણીએ હેઠ, શું છે તે સમજાય ના. ॥ ૪૨ ॥

કષ્ટ સમે દુરાશ, વસવું તે વસવું સદા;
દાઝયા ઉપર ડામ, દુઃખદાયક સમ થઇ પડે. ॥ ૪૩ ॥

ઇચ્છે અન્યનું સુખ, તો તેનું શુભ થાય છે;
નહિંતો થાય અસુખ, શાસ્ત્ર વચન એ સિદ્ધ છે. ॥ ૪૪ ॥

અંતરમાં અજ્ઞાન, એજ મૃગ ઉપાધીનું;
ભૂલાવી દે ભાન, ઝાંઝવામાં ભટકાવીને. ॥ ૪૫ ॥

એમ વિપતીના રોગ, હોય મદે અજ્ઞાનીઓ;
પણ જ્ઞાની ગુણ હોય, સમજે એને સર્વદા. ॥ ૪૬ ॥

વિપતિ વિના કોઇવાર, માણસ કદી કસાય ના;
વિપત કસોટી સાર, સજજન દુર્જન પરખવા. ॥ ૪૭ ॥

અંતરનો ઉદ્વેગ, તનને તાવી નાંખતો;
જેવો રોગ પ્રવેગ, વળગી વપુને પીડતો. ॥ ૪૮ ॥

મધ્ખીચુસ મનુષ્ય, ધનનો બોજો નવ બને;
માળે નિજ આયુષ્ય, પરમાર્થે રહ્યા બની. ॥ ૪૯ ॥

મૂર્ખાંએ પોતે સાથ, દીસે નર્સોમને લાવની;
સાથે પકડી હાથ, અરસપરસ બેમાં બળી. ॥ ૫૦ ॥

રાખે માણસ રોષ, સુંદરપર સમજ્યા વિના;
પણ પોતાનો દોષ, દેખે નહિં એ દીલમાં. ॥ ૫૧ ॥

સંપત્તી જોઈ સ્નેહ, પતિ સાથે પત્ની કરે;
તે પણ ઓછો અતે એહ, વામા વેશ્યા સમ બને. ॥ ૬૬ ॥

અતિપતિને ચિત્ત ચ્હાય, પ્રાણ જાય પણ પ્રેમથી;
જેવી વૃક્ષ વિટાય, સૂકે પણ છૂટે નહીં. ॥ ૬૭ ॥

હેતની હરીફાઇ, કરતાં કંઇક આજવી;
પણ કૃપની સરસાઇ, કદાંથી નવ રાખવી. ॥ ૬૮ ॥

વિદ્યા સફળ ન થાય, અનુભવને ઉપયોગ વિણ;
કૃષ નવ પુરણ પમાય, પુરૂષારથ હિણ થઈ રહે. ॥ ૬૯ ॥

એજ વડો વિદ્વાન, પરને હિત ચહી બોધ દે;
સ્વજાર પશુ સમાન, તજીને શાંત સ્વરૂપ પદ. ॥ ૭૦ ॥

વિપતિ વખતના મિત્ર, શાસ્ત્ર શ્રવણ સતસંગતી;
થાકે ચિતપર ચિત્ર, શાંતિનું સમદાયક. ॥ ૭૧ ॥

મૂરખ મનુષ્ય ઉપર, કરે અસર વિપતિ ઘણી:
પણ નવ કરે અસર, સાચી એ વિદ્વાન પર. ॥ ૭૨ ॥

સરસ્વતીનો સંગ, લક્ષ્મીને રૂચે નહીં:
ભિન્ન ભિન્ન બેઉનો રંગ, એક શાંત એક ઉદ્ધત. ॥ ૭૩ ॥

જન્મ તણું સાફલ્ય, જ્ઞાન થકીજ ગણાય છે;
પામે પદ કૈવલ્ય, અતે જેથી છૂટ આ. ॥ ૭૪ ॥

ઉદય તણા અનુસર, અસ્ત થયે ઓળખાય ના;
પણ અહિં રહ્યા અમર, અસ્તાનુસર અસ્ત થઇ. ॥ ૭૫ ॥

અસ્ત થઈ હો સમસ્ત, ઉદય થાય તે શ્રેષ્ઠ છે;
પણ ઉદય થઈ અસ્ત, પ્રાસે થાય એ નેષ્ઠ છે. ॥ ૭૬ ॥

અતી ઘણો સહવાસ, કરે ઘટાડો મૈત્રીનો;
પ્રેમ તણો પરકાશ, સદવાસે ઝાંખો પડી. ॥ ૭૭ ॥

શંકાનો ઉપાય, એજ ખુલાસો સમજવો;
વણ ખુલાસે થાય, ભાડું ફળ શંકા તણું. ॥ ૭૮ ॥

રંક મનુષ્યની પીડ, સીપતિ શું સમજી શકે;
દેવી વેઠે ભીડ, તે અનુભવ વિણ, નવ લહે. ॥ ૭૯ ॥

કષ્ટ સમે સમજાય, સગાં સ્નેહીને મિત્ર સહુ;
કેવાં હિતકર થાય, સંકટમાં સાહાય્ય થઇ. ॥ ૮૦ ॥

રહે હમેશ નિશંક, નિખાલસ દિલમાં જનો;
પડે ન મનપર અંક, શંકાનો કોઇ કાળમાં. ॥ ૮૧ ॥

ભોળપણાની સાથ, સ્વભાવ શંકા શીલ રહે;
હરદમ એ પર હાથ, સંકટમાં સપડાય છે. ॥ ૮૨ ॥

પૈસાના પુજનીક, સદગુણને પ્રીછે નહી;
પ્રીછે અગુણ અધીક, મદમાયા થઇ લક્ષ્મીથી. ॥ ૮૩ ॥

ઉતાવળનું કામ, પસ્તાવામાં પાડતું;
આપી હિણ પરિણામ, મનને બહુ મુંઝાવતું. ॥ ૮૪ ॥

ઉપરનો દેખાવ, અજાવે છે મુર્ખને;
ભોળા ખાય ભુલાવ, ભેદ ભીતર સમજ્યા વિના. ॥ ૮૫ ॥

પવિત્ર દંપતી પ્રેમ પૈસા કરતાં પણ વધે;
રાખે કુશળ ક્ષેમ, આનંદ રસનું પાન દઇ. ॥ ૮૬ ॥

સત્ય પરખવા કાજ, સંકટ સરસ કસોટી છે;
કસોટી પર તાજ, હીરાની કીંમતી મળે. ॥ ૮૭ ॥

સત્ય સદા પરખાય, ચડતાં કસોટી સંકટે;
પુર્ણ પ્રકાશીત થાય, સત્યવાદી મો એ થકી ॥ ૮૭ ॥

મિત્રનું ખરૂં મહત્વ, નિશા સમે સમજાય છે.
સદ્ગુણી જનનું સત્વ, સમજાતું સંકટ સમે ॥ ૮૮ ॥

નીચ હલકા જન, સદ્ગુણીને નડતા સદા;
બની દુષ્ટ દુશ્મન, કમ તણા કાંઇ સંબંધી. ॥ ૮૯ ॥

ખળ જનની જેમ દુશ્મન તેના બહુ બને,
નીચ મનુષ્ય માહાત્મ, મિજાજના હરિફાઇ કરે. ॥ ૯૦ ॥

પોતાને સ્વાધીન, હોય તો ગુપ્ત કામ સૌ;
પણ હોય પરાધીન, તો બગડે બહુ રીતથી ॥ ૯૧ ॥

આવન પુરતા મહીન, દરેક કામ ઉપાડીએ
તો શ્રમ સફળ બચીત મનને રંગ સારૂં મળે. ॥ ૯૨ ॥

શાંતી સાથે સદાય, ગુણ આવી વાસો વસે;
પેહુંક એજ વદાય, આનંદ મદ. આ લોકમાં. ॥ ૯૩ ॥

પ્રવૃત્તિ સાથે પ્રીત, કરીને કષ્ટ વરો સદા;
ખસકે એજ ખચીત, નર્ક સ્થાન નીહાળજે. ॥ ૯૪ ॥

અશુદ્ધ પ્રેમનો રંગ, જુઠું મોતી સમ જુઓ;
થઈ જાશે ઝટ ભંગ, તેજ હીણું થઇ રંગ એ. ॥ ૯૫ ॥

પ્રેમ તણોજ પ્રવાહ, વ્હેતી સરિતા સમ ચલે;
પ્રેમીજન કરી થાહ, ભરે હૃદય રસ પ્રેમથી. ॥ ૯૬ ॥

હૃદય પ્રીતની લાત, કુસુમ ગુચ્છ સમ રૂચતી;
પણ ધણ પ્રીતની વાત, કંટક સમ ઉર ખુંચતી. ॥ ૯૭ ॥

મળે માન ત્યાં મંન, આનંદે ઊભરાય છે;
પણ અપમાને તંન, હૃમે થઇ ગોંધાય છે. ॥ ૯૮ ॥

દુનિઆં દરપણ જાણ, જોવાને નિજ દોષ ગુણ;
આપે છે ઓળખાણ, જનને નિજ પ્રતિમા તણું. ॥ ૯૯ ॥

હોય વ્યશન સમાન, તે સૌ સ્હેજે મિત્ર થઇ;
નિશદિન રહે ગુલતાન, સુખ દુઃખમાં સંગી થઇ. ॥ ૧૦૦ ॥

ધરીને શ્રેષ્ટ વિચાર, રંક કટુંબ કેળવાયલું;
ભોગવ તું સંસાર, સ્વર્ગ સમાં સુખ ભોગવી. ॥ ૧૦૧ ॥

ધરીને હીણ વિચાર, શ્રીમંત કુળ વણ કેળવ્યું;
ભોગવતું સંસાર, નર્ક સમાં દુઃખ ભોગવી. ॥ ૧૦૨ ॥

દંપતિ સુશિક્ષિત, આનંદ અતિશય ભોગવે.
સમજી હીતાહીત, નિતિ ધર્મ ધરી પ્રીતથી. ॥ ૧૦૩ ॥

દંપતિ અશિક્ષિત, કલેશ કરી કંટાળતાં;
નિતિ ધર્મને પ્રીત, તજીને નિજ વ્યવહારમાં. ॥ ૧૦૪ ॥

દોષ ગુણ પ્રતિકૂળ, અરસ પરસ દંપતિ તણા;
તો તે દુખનું મૂળ, થઇને નડતા બેઉને; ॥ ૧૦૫ ॥

ઇચ્છે ન નીચ મનુષ્ય, અવર તણું સારૂ કદી;
ગાળે નિજ આયુષ્ય, ઇર્ષાના અવતારમાં. ॥ ૧૦૬ ॥

તજે ન યોગ્ય મનુષ્ય, વિષમ વખતમાં ધર્મને;
અર્પીદે આયુષ્ય, સાચવવા નિજ ધર્મને. ॥ ૧૦૭ ॥

રચી એકસો આઠ, છંદ સોરઠાની સરસ;
માળા પઢવા પાઠ, જેશંગે જુક્તિ કરી. ॥ ૧૦૮ ॥

માળા ૨૨ મી સંપૂર્ણ.





માળા ૨૭ મી.

ઉપેંદ્રવજાછંદ.

હમેશ વૃતી જનની ઠરે જ્યાં, મનુષ્યનું મન તણાય છે ત્યાં;
પડે પછી દુઃખ તથાપિ શોધે, વિરૂદ્ધ સાવે કદિએ ન ક્રોધે. ॥૧॥
ધરો તમે ધીરજ ઉરમાંહી, સરે સદા કારજ એથી આંહી;
ઉતાવળે કાર્ય ન સિદ્ધ થાએ, વૃથા બધો યત્ન જરૂર જાએ. ॥૨॥
ઘણાં ઘણાં સંકટથી ઘવાયો, જરૂર એ જંન રહે મુઝાયો;
પડે નહીં ચેન લગાર એને, મળે નહીં સુખ સ્વપ્નેજ જેને. ॥૩॥
કરે ઘણા યત્ન ફરીફરીને, મળે કુપો કંમવડે કરીને;
લખ્યાહશે લેખ લલાટ જેવા, ફળે સદા એહ અહીંજ એવા. ॥૪॥
અધીર હો આફત શીર આવે, તથાપિ તું મંન નહીં ડગાવે;
જશે વહી વાદળ વા ધકીએ, નડે નહીં દુઃખ પછી નકીએ. ॥૫॥
નિહાળી લે આ ફરતો જમાનો, ભલાભલાનાં ઉતર્યાંજ માનો;
રહ્યા નહીં કોઈ હરીજ ઠામે, ચડે અને સર્વ વળી વિરામે. ॥૬॥
મનુષ્યને ઠોકર વાગતી તે, ગુરૂ થઇને ગુણ આપતી એ;
બતાવી દે મારગ શુદ્ધ સાગે, નડે નહીં રાહ પછી નઠારો. ॥૭॥
ઘણા પ્રયત્ને બહુ વેગવાળી, નદી પુલે બંધ થતી નિહાળી;
તથાપી કંઇ જન નીંદનારા, બને ન એ બંધજ બાંધનારા. ॥૮॥
મદે ભરેલાં જન તો સદાએ, પિડા બતી પામત આપદાએ;
નદી પૂરે ખુબ ભરાય જ્યારે, નદીતણા તીર તણાય ત્યાર. ॥૯॥
સદાય સાચું જનની પરોક્ષે, વશી જનો ઈદ નિહાળિ જોશે;

[illegible] લિજ્જેથી, મળે જુઓ લાભ અધીક એથી. ૧૦
[illegible] બ્યાસ [illegible] અનેક તેમા [illegible];
[illegible] પરોપકારી ગુણને ગણ્યો છે. ૧૧
[illegible] તેને [illegible] ન [illegible];
[illegible] તેતે થકિતો [illegible]. ૧૨
[illegible] હમેશા સિદ્ધ કાય [illegible];
[illegible] મુખ્ય મનુષ્યમા તે. ૧૩
[illegible] શરીર [illegible] નિજનુ ઠેઉ;
[illegible] મનુષ્ય [illegible] મનથી [illegible]. ૧૪
[illegible] મનુષ્યનુ મન [illegible] ત્યારે,
[illegible] અધીક [illegible] મને ન [illegible]. ૧૫
[illegible] હરિની [illegible]
[illegible] મનમાહી. ૧૬
[illegible] ન [illegible];
[illegible] ૧૭
[illegible] ન દીસે,
[illegible] ૧૮
[illegible]
[illegible] ૧૯
[illegible]
[illegible] ૨૦
[illegible];
[illegible] ૨૧
[illegible]
[illegible] ૨૨

ભવિષ્યનાં સુખ દુ:ખાદિ હેરો, ગણાય આધાર સ્વૃઓ મહેરો;
મનુષ્યની દાસતણી કૃતીનો, ભવિષ્યમાં ભાર ભરે રતીનો. ૨૬
મહાન ખુદી બાગના પ્રુદિપો, મનુષ્ય રૂપે ગુરનાજ આપો;
કરે બધાં કૃત્ય દેવનાય, સૂણી બધીને બહુ સુખદાય. ॥ ૨૭ ॥
જહાં મહતો અવતાર લે છે, તહાં ભલું ઉત્તમ બોધ દે છે;
મળે જનોને બહુ લાભ એથી, મહંતની પૂર્ણ કૃપા વડેથી. ।૨૮।
વદે સ્વૃઓ વાણિ મનુષ્ય જેવી, ગણાય તેની તુલનાજ તેવી;
૨૯ પછી આ પરલોકમાંહી, ભલાબુદ્ધંનીજ ભલી ભુંડાઇ.।૨૯।
સ્ફુરે નહીં જ્યાંલગિ પ્રેમશક્તી, ગણો નહીં ત્યાંલગિ શ્રેષ્ઠ શક્તી.
અન્યા બહુ નિર્બળ લોક એથી, ગુમાવિને રાજ દ્રવ્યાદિ હેથી.૩૦
થશે તમારી ઉન્નતીજ ક્યારે? સ્વદેશ પ્રેમી અનયોજ ત્યારે;
થશે નહીં સેવજ નીજસ્વાર્થે, વરયો સદા એવગણો પરાર્થે. ।૩૧।
કુળાભિમાની જનથી જણાતા, સદાય એ કુળ ગદે તણાતા;
ગણે નહીં કૈળાહ્વાનજનોને, દર્શી પિડે કુળાહ્વાસ દિનોને. ॥૩૨॥

મદે ભરેલો વનરાજ ધૂમે, મદે ભરેલો જન એમ રૂમે;
સમાંતરે બેઉતણી ગતી છે, સમાંતરે બેઉતણી કૃતી છે. ॥ ૩૩ ॥
ભલાભલા વીર નરો પડયા જ્યાં, શુરા થઇ વીરશ્રી લટી જયાં;
નિહાળિ પાણીપતની ભુમીએ. ક્ષમા કરો દેવિ નમી કહુંએ. ।૩૪।
નહીં કદી ભાવિ મિથ્યાજ થાએ, રામો મળયે એ પ્રગટી જણાએ;
ઉપાય પ્હેલાં કરો ન કાંઇ, કરો બન્યા કેડ ઉપાય ભાઇ. ॥૩૫॥
સ્વદેશ સૌ સુધરતાં સુધારો, થશે ખરો ના પૃથકેજ ધારો;
સ્વદેશબંધુ સુધરે સુખી સો, સ્વદેશબંધુ કુધરે દુખી સો. ૩૬
અતી નિરાશા વિપતી પછી જે, દિસે ગુખાશા કિરણો વળી જે,
દુર્ભાગ્યથી એ પણ નાશ પામે, પછી પિડા પ્રાણતણી ન વામે. ૩૭
સુજ્ઞેન વેશ્યા શિખ લો સતીની, કુમારજન લે શિખ ના પતીની;
ગુરૂ તણી દુઃશિષ્ય શિખસેના, મહંતનું જ્ઞાન મઠી લાડું ના. ॥૩૮॥
મરે નહીં મ્હાન જનો કદાપી, દિસે મુઆ અમ્મર છે તથાપી;
દુખી સદા એ રહિ ગુપ્ત રૂપે. અવાજ બેટી કરિ બોધ ગુપે. ।૩૯।
પ્રજા તણા ઉત્તમ લાભ સારૂ, બને બધું હાણ નહિં અકારૂં;
મળે પછી ચક્ર વૃધીજ વ્યાજે, બહુ પચીસ હાની લાભ સાથે.।૪૦।

[illegible] કરતા પછીથી મળેજ લક્ષ્મી કદિ જો ખુશીથી;
[illegible] નહીં મળે જો પછીથી, જરૂર પછી જનિએ ખુશીથી. ૮૦

[illegible] સરખોજ જાણો, અનેક રંગે ફરતો પિછાણો;
[illegible] પડતા પછાડી. મળે સદા સ્વાંગ પડે અગાડી. ૮૧

[illegible] રૂપાળી, અને વળી વીનયતાજ વાળી;
[illegible] સાચવના, ગુણો બધા જાણ સુધાજ એના. ૮૨

[illegible] દિસે છે, ગુણીજનો જોઇ સદૈ હસે છે.
[illegible] કુટાય તેમાં પણ પ્રેમ આણે. ૮૪

[illegible] ગણીજનો નિર્ગુણ આચરે છે,
[illegible] સુધા સદા નિર્ગુણમાં ભરેલું. ૮૫

[illegible] શકી જોઈ લખાય છે ના
[illegible] સમ સમે છે ત્રિવના જણાતા. ૮૬

[illegible] ખરી મળ થકી જરે એ;
[illegible] કાગળ કુંદ કાપે. ૮૭

[illegible] અને અરી ના સમ ગા જણાએ;
[illegible] સુખ અર્પને ન આણે. ૮૮

[illegible] ગુરુથી તરીને;
[illegible] ખુબીજ જેની. ૮૯

[illegible] સદાની
[illegible] નકામી. ॥ ૯૦ ॥

[illegible] અતિશે અજ્ઞાની.
[illegible] જણાતા છે. ૯૧

[illegible] તેવાંજ છે;
[illegible] ॥ ૯૨ ॥

[illegible] બાઈ;
[illegible] તારી ૯૩

[illegible] બધા દરશાએ;
[illegible] ૯૪

[illegible]
[illegible] ૯૫

દુદીક ખરો કરવાં ફરાવે. અને વળી નિબંગના કરાવે;
નમીતના ઓછિ કહ્યા હરીએ, એમ એવા દાખે મહા નહીંકે.૮૭
જ્યાંપ છે અગ્નિ બિન ભેદ, જ્યાંપ છે ઉગમ કામ બિનું;
દિવાપણું બિન વ્યાપ એનું, અને એનું કામ પ્રકાશ બિનું. ૮૮
દમેશ પાપી જનનેય દીધે, અમીક કોઇ અવધીજ રહ્યે;
હે દયો તે આપ અનુના હો, જુતી ભાઈ એકદમી બધે તો. ૮૯
કરાવ આ ઝીમ શુદ્ધિ અમારી, આપતર ને ફલ અમી વિચારી;
સુર અને આનંદિનાદ ગેવી, દમોધની આશિષ આપ સેવી. ૯૦
વનો ભુવા એકિક કૃપાકેરા, અથાત ભરે પધારી ઘણેરા;
તજ એવું કામ ઈચ્છા કરે છે; અમીક એ મે ભંજનો કરે છે. ૯૧
કરાવ તો એકંકેનીજ આપી, નમાવિને શીર દઈ વુઆસે;
પછી શુદ્ધ કેરો નમે એ, નવાય આપ્યા કહિના નમેએ; ૯૨
મનુષ્યની શાંત જુતી દુરિ કર્યા, કદી નહીં વેર મતી બધી ત્યાં;
જમાતની ખંભ જુતી ઘણી બધાં, બધે સદા વેર મતી ઘણી ત્યાં. ૯૩
કુમિ હૃદે નેત્ર જણે કરીને, પછી કરે નિર્મળો કરીને;
અપીક આનંદ હૃદય આપી, અધી ન આકાશથી કાપી. ૯૪
કદી શકે ના પન સંભાતી તો, મનુષ્યની કાંઈ ગુખી સ્થિતી તો,
જ્યાંપ સાચું સુખ ઉભમાંતો, કદી નહીં એમજ ટેકમાં તો. ૯૫
હૃદે કદી ના પદને બતાવે, બતાવતાં ખુબ વિચાર લાવે;
હદે પ્રમાનીતન એ નહીંતો, પડો પુરા એ તનુ મહીં તો. ૯૬
દિષ્કાળથી જે પનને ઉઠાવે, સુખે કદી નિર્ધનતાજ લાવે;
જરૂર લક્ષ્મી મરથી જાય તે, વળી ન પાછી નિજની ઘડ એ. ૯૭
સમો સદા એવાણમાં વિચારી, સમા બધી ના શરમાવ ધારી;
જાણો કરે એ કરી ન કોઇ, સમે સમાની મતિ ન્યારી જોઈ. ૯૮
અમીરના આજ મળે કદાપી, વળી મળે સંપત સૌ તથાપી;
ભની બહુ મસ્ત થયા ન હુતા, તજી જો એ અધનાજ પુરા. ૯૯
ઠરી રહ્યા જ્યાં હિંગણાળ ફેરી, અને રહ્યાં જ્યાં ગાજ મૂપ ભુલી,
વસ્યા વળી જે વનમાં ઝડપે પડવા જય એ નૂપ કાળ મુખે. ૧૦૦
આનંદ તેના ઉરમાં ઉતારી, રહે ન એ પાનુ કરી વિસારી,
ને જુતી ભ ન થઈ ગઈ જ્યાં. તદિ ન આનંદ તણો અમી ત્યાં.૧૦૦

માળા ૨૪ મી.

દોહરા.

તજે ન રૂપ જોતાં સખી, લાગી લગની જાન;
પતંગ દીવામાં પડે, પ્રજળે તોપણ તન. ॥ ૧ ॥
હલકા જન આગળ ફરે, સુગીન ફરે ન એમ;
જળ ઉપર કાષ્ટ તરે, ધાતુ તરે ન તેમ. ॥ ૨ ॥
જ્ઞાની ગુણ મહત્ત્વ કરે, તજી અવગુણ તમામ;
શોધે સુરજ શુદ્ધ જળ, લે નહિં અન્યનું નામ. ॥ ૩ ॥
કરે કષ્ટ બહુ સહન તે, પામે પદ ઉત્તમ;
ધનરૂપતીના અંક તો, માતા શીર હોરમ[1]. ॥ ૪ ॥
પળ પળ પરવે નહિં કદી, રાણીઓ રણધીર;
કોણ થયા વિક્રમ સમા, વીરા સહીમાં વીર. ॥ ૫ ॥
અનુક્રમે તો આવતાં, ચડતી પડતી માંહીં;
તુર્ક મરેઠા પેશવા, ખિલજી ખપી સૌ આંહીં. ॥ ૬ ॥
અવિદ્યાકાળે શું થશે, સમજાએ નહિં સ્હેજ;
આગગાડી કયાં જાણતાં, કૈસર હિંદ થશેજ. ॥ ૭ ॥
આગેથી કવિ આકશે, વણ દીઠેલી વાત;
દૂર તણી વસ્તુ લહુ, દુરબિનથી દેખાત. ॥ ૮ ॥
શરીર શોભે સત્યથી, સત્ય શરીરનું તેજ;
દીપે દેવળ દીપકે, દીપક વિણ નિસ્તેજ. ॥ ૯ ॥
પાળે નહિં પતિવ્રતપણું, તે નારી નિંદાય;

---

૧ જહાંહની બેગમ.

બૃહસ્પતીની નારીનુ, નક્કર નામ ગવાય. ॥ ૧૦ ॥
ટેક વડેલુ પાળવા, રાખો ટેક તમામ;
વચન પાળવા વન ગયા, પાંડવ નળને રામ. ॥ ૧૧ ॥
લખ્યા લેખ તે થાય છે, છે નહિં કોઈ વિરોધ.
કૈકેપર રામે કદી, ક્યા નહિ કંઈ ક્રોધ. ॥ ૧૨ ॥
શાંત મનુષ્ય પાસ વસો, વસો ન ક્રોધિત પાસ;
નદી તટપર વસનારનો. થાય પૂરથી નાશ. ॥ ૧૩ ॥
જંગલમા વસેલ [illegible] ની અડગમ હોય.
ઉદર મહીં આળસ કરી. પામે છે દુઃખ કોય. ॥ ૧૪ ॥
સજ્જનની સંગત થકી અવગુણ અળગા થાય;
શુદ્ધ જળના સ્નાનથી મલીનતા મટી જાય. ॥ ૧૫ ॥
[illegible] આત્મા [illegible] ઉત્તમ જ્ઞાન.
[illegible] નહિ [illegible] નું [illegible]. ॥ ૧૬ ॥
[illegible]
[illegible] ॥ ૧૭ ॥

પ્રભુના પ્રણ પ્યાર વિણ, સહુ વસ્તુ નહિં રહેશ;
હીરો કોહીનૂર તો, મેળવવો મુશ્કેલ. ॥ ૨૬ ॥
રોધ હૃદયમાં હોય તો, જોય ન ભવ્ય અકાંમ;
સ્વા [૨]શ્રી પતિ [૩]શ્રીસહિત, પ્રયાગ વાને પાન. ॥ ૨૭ ॥
અમર રહે આ અવનીમાં, જે જન કીર્તિવંત;
વીક્રમ ભોજ અને વળી, વ્યાસ વંદીબા સંત. ॥ ૨૮ ॥
આશાનો અંતજ નહીં, આશા આશ્રમ દૂર;
દેખાતો દૂર દ્રષ્ટિએ, પણ પાસે ન જરૂર. ॥ ૨૯ ॥
સુજનના સદ્ગુણમાં, અવગુણ સર્વ સમાય;
[૪]બોડાણે ચોરી કરી, તો પણ તે પૂજાય. ॥ ૩૦ ॥
જાતિ સ્વભાવ જોય નહીં, કરતાં કોડ ઉપાય;
પત્થર ભીંજવી રાખતાં, ઝરતો અગ્નિ જણાય. ॥ ૩૧ ॥
થશે અપન સપનના, એમ નહી નય જાણ;
નિપજે કાજળ દીપકે, એજ પ્રત્યક્ષ પ્રમાણ. ॥ ૩૨ ॥
જ્યાં ખેતી નવ નીપજે, ત્યાં તે નિર્ધન દેશ;
પડે કાળ વિકરાળ તો, કણ વિણ મરે હમેશ. ॥ ૩૩ ॥
રહેલું પણ સમજાય નહિં, જ્ઞાન પગર ગુંચાય;
ઉરમાં કસ્તુરી છતાં, મૃગ બહુ ગોથાં ખાય. ॥ ૩૪ ॥
જન્મ ભૂમી જેવી નહિં, કીંમત ગુણની હુંદય;
ખારે જળ મોતી બને, પણ છે મોંઘે મુલ. ॥ ૩૫ ॥
નબળાની સંગે ચડી, સબળા નબળા થાય;
દુર્યોધન પક્ષે પડી, ભીષ્મપિતા રોવાય. ॥ ૩૬ ॥
શૂરા પણ સંકટ સમે, વદન ધરે છે વક્ર;
રણમાં પણ[૫] મુકયા છતાં, કૃષ્ણે ધર્યું ચક્ર. ॥ ૩૭ ॥
એક મનુષ્યમાં પણ દીસે, સદ્ગુણ દુર્ગુણ રંગ;

---

૨ ભગવાન. ૩. લક્ષ્મીજી. ૪ બોડાણો દ્વારકાંથી કૃષ્ણની મૂર્તિ ચોરી ડાકોર લાવ્યો. ૫. નિયમ, સોગન.

વીખ અને ગળિ બે મળે, મહા મણીધર અંગ. ॥ ૩૮ ॥
બગડે છુટી તે મળે, કાળા પણ ડંડાય;
ચંદ્ર ચળિત મનથી થયે, આપીત થઈ પીડાય*. ॥ ૩૯ ॥

અપરૂં ફળ ઊત્સાહથી, કો દિન કુળિશુન થાય.
ગંગા લાવ્યા સ્વર્ગથી, સગર ભગીરથ રાય. ॥ ૪૦ ॥
બે વચમાં ત્રીજો પડે, તો ઝટ સમજણ થાય;
કુડયું ધાતુ પાત્ર તે, રેણુવડે સધાય. ॥ ૪૧ ॥
કોમળ જન કરમાય છે, પડતાં વીઘ્ર લગાર:
સંકોચાતાં પુષ્પ સૌ, તાપ તપે તે વાર. ॥ ૪૨ ॥
ગુણીજનના ગુણ જાણતા, જગમાં સદા સજ્જન;
પારખતા પૂરી રીતે, ઝવેરી રૂડાં રત્ન. ॥ ૪૩ ॥
કુળી જન હોય કુપાત્ર તો, તજીએ ફળ તમામ.
પરહરે પીતા તણી, સમર્થા મીનારામ. ॥ ૪૪ ॥
રાજાએલા દીસમાં, દોષ નહિં દેખાય;
મલીન જળમાં જે પડી, તે વસ્તુ ન જણાય. ॥ ૪૫ ॥
ક્રોધી જનનો કોપ તે, નમ્ર પુરૂષ પી જાય;
વનાની નદીઓ બધી, જળમાં જરૂર સમાય. ॥ ૪૬ ॥

પરમારથમાં પ્રાણદે, તે સિદ્ધે વખણાય;
કીર્તી કેસવા તણી, આજે પણ ઉચરાય. ॥ ૪૭ ॥
સાધુ જન સમજે નહિ, નરખનો મન હોય
ગજને ધ્યાન ભસ્મ છતા, ઉ૦ નવ આવે રોય ॥ ૪૮ ॥
રૂપ પરે પણ નવ ડગ, પુરૂષ પ્રીતીવાન;
ભ્રમર કમળને નવ તજે, થાય છતા દિવાન. ॥ ૪૯ ॥
લિખવા અમૃત કેવા થકી. જરૂર ઔખધ થાય,
આનંદર સલિલ તણુ તરતા પ્રભુ તાવક. ॥ ૫૦ ॥

* [illegible]

કીર્તિવંત કને વસે, તેની ખલકે ખ્યાત;
સૂર્ય તણા પ્રતિબિંબમાં, આવ્યે છબી પડાત. ॥ ૫૧ ॥

મોટાની ચાકી રહી, મોટાં કૃત્ય ન થાય;
કૌંસુરસ શંકર પી ગયા, શિષ્યથી નવ પીવાય. ॥ ૫૨ ॥

કિમતી વસ્તુ કોઈક દિન, કરે આપણો કાળ;
કસ્તૂરીને કારણે, મારે મૃગ તત્કાળ. ॥ ૫૩ ॥

અંતર પ્રીતી હોય તો, નામે ગુણ ગવાય;
રામ ગયા વનવાસ પણ, પાદુકા પૂજાય. ॥ ૫૪ ॥

સત્ય હોય જો સ્નેહ તો, સ્નેહે ટૂટી ન જાય;
રંગ કસુંબલ બહુ રહે, પતંગનો ઝટ જાય. ॥ ૫૫ ॥

બાળપણામાં બુદ્ધિને, સંગ સમાણો રંગ;
ભીની ભીંમાં ચીતરે, સુકે થાય અભંગ. ॥ ૫૬ ॥

બીજાં યત્ન કરતાં બહુ, બુદ્ધિ યત્ન અધિકાય;
પંડિતને પૂજે સહુ, નૃપ પણ નમવા જાય. ॥ ૫૭ ॥

મધુર વચન સુણતાં સદા, વેરી વશ થઈ જાય;
ડસવા આવે નાગ પણ, મોરલીથી ઘેલાય. ॥ ૫૮ ॥

પાળે નહિં પતિવ્રતપણું, પવિત્ર એ ન ગણાય;
ચાટ શ્વાનની તો સદા, ભ્રષ્ટ પત્નીત્વ ભણાય. ॥ ૫૯ ॥

અજ્ઞાનીને આશરે, ભવ જળ કેમ તરાય;
બુડતા નાવે બેશીને, સમુદ્ર નવ ઉતરાય. ॥ ૬૦ ॥

સ્વાર્થીયા સ્નેહી સહુ, દુઃખ સમે દુર થાય;
પડતાં ચંદનવૃક્ષને, ભમરા દોડી જાય. ॥ ૬૧ ॥

રામજીને મમતે ચડે, મમત તજે નવ તેહ;
જાણી જોઈ કુવે પડે, ખાઈયો ખણે ન એહ. ॥ ૬૨ ॥


દુર્જનની સંગત ઘડી, સુખડાની શી આશ;
નેસા જળથી મલિનપર, તજે નહિં મેલાશ. ॥ ૬૩ ॥

કાળ અનુભવ શીખવે, એ દુનિઆંની રીત;
બાળક મોટાં થઈ બધાં, ડાહ્યાં બને ખચીત. ॥ ૭૮ ॥
જ્ઞાનીને અજ્ઞાનીનો, લાગે નહિં પર લેશ;
અગ્નિને મેલ ચડે નહિં; રહે સદા ઊજેશ. ॥ ૭૯ ॥
પતિવ્રત વાળી પતિને, કુલટા કરે ન ભ્રષ્ટ;
ચડે ન ઊધઇ અગ્નિને, ચડતાં થાએ નષ્ટ. ॥ ૮૧ ॥
શુદ્ધ પ્રેમ સંકટ સમે, દે સુંવા સમ સૂખ;
પાંડવને પંચાળીએ, માન્યુ ન વનમાં દુઃખ. ॥ ૮૨ ॥
શુદ્ધ પ્રેમ આગળ સહુ. વૈભવ મિથ્યા જાણ;
પતિ પાસે વનમાં વસી, સીતાસતી સુજાણ. ॥ ૮૩ ॥
ચોકખા ચિત્તમાં ચળકતું, જીવનું દીવ્ય સ્વરૂપ;
નિર્મળ જળમાં નીરખતું, નિહાળાતું રૂપ. ॥ ૮૪ ॥
સંકટમાંહી સૂખની, પ્રાપ્તીનો સંયોગ.
મોતી વિંધાયે બને, ઉરપર રહેવા યોગ. ॥ ૮૫ ॥
ગુણિયલ ગુણ ગ્રહી લહે, દુર્ગુણી દુર્ગુણ જાણ;
શોધે મોતીહંસ સૌ, કાગ નર્ક નિરવાણ. ॥ ૮૬ ॥
કાચી પ્રીતી તો ટકે જો જાળવીએ રીત;
ફૂટે વાસણ કાચનું, અથડાતાંજ ખચીત. ॥ ૮૭ ॥
અંત ન લઇએ અરિ તણો, અંતે અવળું થાય;
છંછેડેલા નાગથી, દંશ થએ ઝેર જાય. ॥ ૮૮ ॥
ચંચળ ચિત્ત ન્યારૂં રહી, હરે અવરનાં ચિત્ત;
વહે ગંધ સૌ વાયુ પણ, ગંધથી દૂર ખચીત. ॥ ૮૯ ॥
શાંત સજન ક્રોધીતણા, સંગે ક્રોધી જણાય:
લોઢું અગ્ની સંગથી, ઊષ્ણ અગ્નિ સમ થાય. ॥ ૯૦ ॥
નિતિવિણ સૌ નિંદાય છે, કાં રાજા કાં રંક:
ભરતૃહરિની ભારજા, પામી પૂર્ણ કલંક. ॥ ૯૧ ॥
જશવંતા જનનું બધું, કુટુંબ પણ જશવાન:

[illegible]માગીના અડો, છે સૌ મૂર્ખ ગમાન ॥ ૯૨ ॥
[illegible] જે કૃત્ય તે સઘળા મ[illegible] ન થાય;
[illegible] તે જીવ સૌ [illegible] નહિ જણાય. ॥ ૯૩ ॥
[illegible] ગીતા અભિમાનીને સમજાવે ન સ્વરૂપ;
[illegible]જનને આરશી શુ દેખાડે રૂપ. ॥ ૯૪ ॥
ચડતી [illegible] ચતુરવી અનુભવી વડે ખચીત;
જોગીથી [illegible] એ દુનિઆની રીત. ॥ ૯૫ ॥
[illegible], વળગી ડોકે ચિત્ત,
[illegible]વી દીવે દ્વાર ખચીત. ॥ ૯૬ ॥
[illegible] સર્વથી શ્રેષ્ઠ,
[illegible] એ થકી [illegible] ॥ ૯૭ ॥
[illegible]
[illegible] ॥ ૯૮ ॥
[illegible]
[illegible] ॥ ૯૯ ॥
[illegible]
[illegible] ॥ ૧૦૦ ॥
[illegible]
[illegible] ॥ ૧૦૧ ॥
[illegible]
[illegible] ॥ ૧૦૨ ॥
[illegible]
[illegible] ॥ ૧૦૩ ॥
[illegible]
[illegible] ॥
[illegible]
[illegible] ॥

શુરવીરનાં સંતાન સૌ, શુરવીર સમ સોહાય;
સિંહસુત સઘળે સ્થળે, સિંહ સમાં સમજાય. ॥ ૧૦૬ ॥
નીચ કર્મ છાનું કરે, તોપણ તેહ જણાય;
ઘરમાં પેસી ખાય પણ, લસણ ગંધ વરતાય. ॥ ૧૦૭ ॥
અતલબિયા કામાંધ જન, દોષ ન દેખે કાંય;
જન્મ અંધ જુએ નહીં, જેરંગ નિજની છાંય. ॥ ૧૦૮ ॥

માળા ૨૪ મી સંપૂર્ણ.





માળા ૨૫ મી.

દોહરા.

કિંચિત ગફલતથી થતી, વખતે મોટી હાણ;
અણજાણ્યે ઊંડાં જળે, પડતાં જાયે પ્રાણ. ॥ ૧ ॥

જાણવીએ પણ જીવને, અવધ થયે લે કાળ;
પરિક્ષિતને જાણ્યા છતાં કરડ્યો નાગ કરાળ. ॥ ૨ ॥

સારા સંયોગો સદા, વિનાશમાં વિપરીત;
